
તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

સંપાદક : ભરતભાઈ પટેલ ● સહસંપાદક : શાંતિલાલ ગઢિયા

વર્ષ : ૧૫ ● અંક : ૫-૬ ● જાન્યુ.-ફેબ્રુઆરી-૨૦૧૯ ● પાના : ૪૦

## કુષ્ઠરોગ વિશેષાંક



રક્તપિત્ત દર્દી અંગે બેદરકાર રહેનાર વ્યક્તિ હૃદય શૂન્ય છે.

- ગાંધીજી

**કુષ્ઠરોગ મટી શકે છે.**

# કુષ્ઠરોગ અંગેની માહિતી

૧૮૭૩માં નોર્વેના ડૉ. હેન્સને એના જીવાણુંઓ શોધેલા તેથી એને હેન્સન્સ ડિસીઝ તરીકે પણ ઓળખવામાં આવે છે.

ગુજરાતમાં રક્તપિત્ત, હિન્દીમાં કુષ્ઠરોગ, મરાઠીમાં મહારોગ, અંગ્રેજીમાં LEPROSY તરીકે જાણીતો છે; એના અંગે ઘણી ખોટ્ટી માન્યતાઓ પ્રવર્તે છે, દા.ત. પાપ/શ્રાપને કારણે રોગ થાય, ખૂબ ચેપી છે, મટે જ નહિ, હાથપગના આંગળા ખરી પડે, નાક બેસી જાય.

સદીઓથી આ રોગ છે, કહેવાય છે કે અત્રિ ઋષિને થયેલો અને એમના પત્ની અનસૂયાએ માટીથી મટાડેલો; એ જગ્યા નર્મદાકિનારે અનસૂયા ગામ તરીકે જાણીતી છે. ગાયકવાડે ત્યાં અનસૂયા લેપ્રસી હૉસ્પિટલ બનાવેલી; આઝાદી પછી ગુજરાત સરકાર તે સંભાળતી. એકવાર ભારે પૂર આવ્યું, હૉસ્પિટલ તણાઈ ગઈ, થોડાક દર્દીઓ મરણ પામ્યા. પછી વડોદરામાં આજવા રોડ ઉપર, દર્દીઓની સંખ્યા ઘટી એટલે બંધ થઈ.

અમેરિકામાં પણ આ રોગ હતો. યુરોપમાં અલાયદા ટાપુમાં ધકેલી દેવાતા, ત્યાં ફાધર ડેમિયન શુશ્રૂષા કરતા. ભારતમાં ક્યાંક દાટી દેતા, ક્યાંક દરિયામાં ધકેલી દેતા. સૌરાષ્ટ્રમાં સંત દેવીદાસબાપુ અને અમરમા શુશ્રૂષા કરતાં, સેવાગ્રામમાં ગાંધીજી રક્તપિત્તગ્રસ્ત પરચૂરેશાસ્ત્રીનું જાતે ડ્રેસીંગ કરતા.

વિશ્વમાં ૨૦૧૫માં ૧૩૬ દેશોમાંથી ૨,૧૧.૭૯૩ નવા કેસો અને ૨૦૧૬માં ૧૪૩ દેશોમાંથી ૨,૧૪,૭૮૩ નવા કેસો મળેલા. એમાં ૧૮,૦૦૦ બાળકો હતા. ૨૨ દેશોમાંથી આના ૯૫% ટકા કેસો મળેલા, એમાં ભારત પણ છે. છેલ્લા ૧૦ વર્ષમાં, સરેરાશ દર વર્ષે ૩% ઘટાડો થયેલો.

દસ હજારની વસ્તીએ દર્દીઓની સંખ્યા : PR (પ્રિવેલન્સ રેટ) એક કરતાં ઓછો કરવો : એ ધ્યેય છે. રસી શોધાઈ નથી એટલે સંપૂર્ણ નાબૂદી શક્ય નથી. ૨૦૧૬-૧૭માં એક કરતાં વધું PR વાળા રાજ્યોમાં : બિહાર, છત્તીસગઢ, ગોવા, ઓરિસ્સા, દાદરાનગર હવેલી અને લક્ષદ્વીપ. સમગ્ર દેશમાંથી ૧૩૫, ૪૮૫ નવા દર્દીઓ મળેલા. ૩૧-૦૩-૨૦૧૭ના રોજ સમગ્ર ભારતમાં ૮૮,૧૬૬ દર્દીઓ હતા, PR : ૦.૬૬ હતો.

આપણા ગુજરાતના PR એક કરતાં ઓછો છે જ, પણ ૩૧-૦૩-'૧૮ : ૧૦ જિલ્લાઓમાં PR : ભરૂચ : ૧.૮૬, છોટા ઉદેપુર : ૨.૦૨, દાહોદ : ૨.૧૫, ડાંગ : ૭.૧૦, નર્મદા : ૧.૭૫, નવસારી : ૨.૫૪, પંચમહાલ : ૧.૬૪, તાપી : ૩.૨૭, વડોદરા : ૧.૦૧, વલસાડ : ૨.૫૬, મહિસાગર અને સુરતમાં છેલ્લા વર્ષમાં ઘટીને ૦.૪૮ અને ૦.૬૮ થયો. આ ૧૨ જિલ્લાઓનો સમગ્ર PR ૧.૫૬ છે; બિનચેપી ૧૪૭૪ અને ચેપી ૨૨૬૭ મળીને કુલ ૩,૭૪૧ કેસો સારવારમાં હતા.

ચાઠાંવાળા ફોટા બતાવવા જોઈએ, શરૂઆતના ચિહ્નો વગેરેના ફોટા બતાવવા જોઈએ. આ રોગ કોઈ પણ માણસને કોઈ પણ ઉંમરે થઈ શકે છે તમામ ચેપી રોગોમાં હળવામાં હળવો ચેપી રોગ આ છે. આ રોગ દવા લેવાથી મટી જાય છે, તમામ સરકારી કેન્દ્રોમાંથી મફત દવા મળે છે. મોડી સારવાર શરૂ થઈ હોય અને દિવ્યાંગતા આવી હોય તો સરકાર દ્વારા પ્લા. સર્જરી તદન મફત કરાય છે. ગુજ. સરકારનું આરોગ્ય ખાતુ, કમિશ્નર માન. ડૉ. જયંતિબહેન રવિના માર્ગદર્શન પ્રમાણે કટિબદ્ધ છે, ઘણું સારું આયોજન અમલ થાય છે.

આવેલી વિકૃતિઓ માટે સર્જરી, ફિઝીઓ,... વગેરે પણ છે, બધું તદન મફત. ચાલુ સારવાર દરમિયાન દર મહિને ૫૦૦ રૂ. મળે..... કેટલાક લોકોને, કમનસીબે, રક્તપિત્તગ્રસ્તોની કોલોનીમાં રહેવું પડે છે; અમદાવાદ, ભાવનગર, વડોદરા, ઈડર, સંજાણ, વગેરેમાં કેટલાક ભીખ પણ માગે છે !

સંકલન : સુરેશભાઈ સોની, સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર. ફોન નં. ૦૨૭૭૩-૨૫૪૩૩૭

# સંપાદકીય

'વિકલાંગમિત્ર' વ્યક્તિની જુદા જુદા પ્રકારની વિકલાંગતાને લક્ષમાં લઈ તદ્‌વિષયક માહિતી, લેખો આદિ પ્રગટ કરે છે. બહોળો વાચકવર્ગ સામયિકનો પ્રોત્સાહક પ્રતિભાવ આપે છે, તેથી અમો આનંદ સહ ગર્વ અનુભવીએ છીએ.

ઘણા સમયથી મનમાં એક વિચાર ઘોળાતો હતો કે કુષ્ઠરોગને કેન્દ્રમાં રાખી એક વિશેષાંક પ્રગટ કરવો. સંજોગો એવા ઉભા થાય કે વિચારબીજને અંકુરિત થવાનો અવકાશ ન મળે. બીજને પોષણ મળતું અટકી જાય. જો કે અમારી મનોભૂમિમાંથી તે નષ્ટ થયું નહોતું. ઈશાનુગ્રહથી હવે તે સાકાર થઈ રહ્યું છે. અમારા હૈયે આનંદ અને સંતોષ છે.

શા માટે 'કુષ્ઠરોગ વિશેષાંક'? સવાલ સહજ છે. લોકોમાં આ રોગની સાચી જાણકારી નથી. રૂઢ માન્યતાઓ અને અંધશ્રદ્ધા ઘર કરી ગઈ હોવાથી કુષ્ઠરોગીને ઘૃણાની નજરે જોવામાં આવે છે. કુષ્ઠરોગી પોતે પણ અજ્ઞાનગ્રસ્ત હોય છે. વૈજ્ઞાનિક માહિતી દ્વારા આ સ્થિતિ દૂર કરી સમાજમાં જાગૃતિ આણવાની જરૂર છે. લોકોમાં હકારાત્મક માનવીય અભિગમ કેળવાય એ ભાવના સાથે વિશેષાંક પ્રગટ કરીએ છીએ. કુષ્ઠરોગ અને કુષ્ઠરોગી માત્ર તબીબી વિજ્ઞાનનો નહિ, બલ્કે મનોવિજ્ઞાન અને સમાજવિજ્ઞાનનો પણ અભ્યાસવિષય રહ્યો છે.

આ ક્ષેત્રે ગુજરાતમાં સારા પ્રયત્નો થઈ રહ્યા છે. સરકારી-બિનસરકારી-સ્વૈચ્છિક સંસ્થાઓ પોતપોતાની રીતે કાર્યરત છે. આ સેવાયજ્ઞમાં 'કુષ્ઠરોગ વિશેષાંક' નાનું શું સમિધ બનશે એવી અમોને આશાપૂર્ણ શ્રદ્ધા છે. તા.૩૦મી જાન્યુઆરી, ગાંધી નિર્વાણદિન, સર્વત્ર 'કુષ્ઠરોગ નિયંત્રણ દિન' તરીકે ઉજવાય છે. કેટલીય સંસ્થાઓ આ દિવસથી ૭ દિવસ સુધી 'કુષ્ઠરોગ નિયંત્રણ સપ્તાહ' ઉજવે છે. તે દરમિયાન જુદાજુદા કાર્યક્રમો, જેવા કે દરદીઓનો સરવે, આરોગ્યશિક્ષણ, સારવાર,પુનર્વસન વગેરેનું આયોજન થાય છે. સન ૨૦૧૯-૨૦નું વર્ષ ગાંધીજીની દોઢસોમી જન્મજયંતીનું વર્ષ છે, એ પણ સુભગ સંયોગ છે. ગાંધીજીએ કુષ્ઠરોગ નિયંત્રણ તથા કુષ્ઠરોગીની સારવારને રચનાત્મક કાર્યક્રમોનું એક મહત્વનું અંગ ગણ્યું હતું. અંકને ૩ વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે-૧, ચરિત્ર આલેખન, ૨, કુષ્ઠરોગ વિષેની માહિતી (લક્ષણો, સારવાર, આરોગ્ય શિક્ષણ વગેરે) ૩, સાહિત્ય સામગ્રી (વાર્તા, કાવ્ય વગેરે). નવાક્ષર મંત્ર 'કુષ્ઠરોગ મટી શકે છે' મૂકવામાં આવ્યો છે, જેથી બહોળા સમાજમાં ઘેરઘેર આ સંદેશ પહોંચે.

અંકના પ્રકાશનમાં જે જે મિત્રો અમને સૌજન્યપૂર્વક સહાયભૂત થયા છે, તે સર્વનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અસ્તુ.

**ભરતભાઈ પટેલ**

**શાંતિલાલ ગઢિયા**

**"કુષ્ઠરોગ મટી શકે છે."**

## સેવાકાર્યને સમર્પિત મહામના વ્યક્તિ વિશેષ

એક સમય હતો, જ્યારે કુષ્ઠરોગ કે રક્તપિત્તનું નામ પડતાં જ જાણે મહામારીની વિભીષિકા માણસને ધ્રુજાવી દેતી. સમાજ વહેમો અને અજ્ઞાનમાં જકડાયેલો હતો. વળી આ રોગનો તબીબી ઉપચાર સરળ-સુલભ નહોતો. સદીઓ જૂના આ રોગે અનેક માનવીઓના જીવતરને દોહલું બનાવી દીધું હતું. પશુથી પણ બદતર તેમની હાલત દયનીય હતી.

આવા અંધકારભર્યા કાળા વાદળની રૂપેરી કોર સમાન કેટલાક અનુકંપાશીલ મહાપુરૂષો અને સંતો પણ સમાજને સાંપડ્યા છે, જેઓ અસહાય કુષ્ઠરોગીઓની પડખે ઉભા રહ્યા અને એમની સેવાશુશ્રુષા કરી, પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર. એમનો સંક્ષેપમાં પરિચય-

## કુષ્ઠરોગીઓના પિતા ફાધર ડેમિયન

પેસેફિક મહાસાગરના હવાઈન ટાપુઓની હારમાળામાં આવેલા મોલોકાઈ નામના ટાપુઓ એક અદ્ભુત દૃશ્ય સર્જાય છે. હજારો કુષ્ઠરોગી કતારબદ્ધ, નત મસ્તકે, અશ્રુભીની આંખે એક કબર આગળ પુષ્પાંજલિ અર્પે છે. એ કબર હતી ફાધર ડેમિયનની... એમની સેવા શહીદીથી જગતમાં કુષ્ઠસેવાના શ્રીગણેશ મંડાયા.

તેમનું વતન હતું બેલ્જિયમ. પિતા વહેપારી એટલે દીકરા જોસેફને ધંધામાં જોતરવાનું ઈચ્છે છે. પરંતુ જોસેફ કાંઈ જુદી જ માટીનો બનેલો હતો. પિડિતોની સેવા માટેના અંતરના નાદને પારખી તેઓ પાદરી બન્યા અને ફાધર ડેમિયન તરીકે ઓળખાયા. તેવામાં નર્કાગાર સમા મોલો કોઈ ટાપુમાં વસતા કુષ્ઠરોગીઓની બેહાલીના સમાચાર સાંભળી તેમનું હૃદય અનુકંપાથી દ્રવિત બન્યું. મિત્રોના વિરોધને ન ગણકારતાં તેઓ એકલા જ કોઢીઓના ટાપુ મોલોકાઈ પહોંચી ગયા.

શરૂઆતમાં પરદેશી તરીકે ધુત્કાર પામ્યા પરંતુ તેમણે અખૂટ ધીરજ અને હિંમતથી કામ લીધું. કુષ્ઠરોગીઓનો વિશ્વાસ મેળવ્યો. રોગીઓ માટે જુનું દેવળ સમાર્યું. સારવાર માટે દવાખાનું શરૂ કર્યું. રહેવા માટે સ્વચ્છ ઝૂપડાં તૈયાર કર્યાં. તેમની મૂંગી સેવાના બાર બાર વર્ષના પુરુષાર્થની જાણ જ્યારે જગતને થઈ ત્યારે આ સેવાકાર્યમાં દાનગંગાનો પ્રવાહ અવિરતપણે વહેતો થયો. નર્કાગાર મોલોકાઈ હવે આકર્ષક તીર્થધામ બની ગયું.

આ બધા માટે ફાધર ડેમિયનને ભારે કિંમત ચૂકવવી પડી. કુષ્ઠરોગીઓની સેવા કરતાં કરતાં તેઓ પોતે પણ રોગનો ભોગ બની તેમનામાંના એક થઈ રહ્યા. ૧૮૮૯ની ૧૫મી એપ્રિલે શાંતિથી પાર્થિવદેહ છોડીને તેઓ અમરતાના પંથે વિચર્યા.

આજે પણ તેમના સ્મારક સ્તંભ ઉપર કોતરાયેલા હૃદયસ્પર્શી શબ્દો સેવાનો અમર સંદેશ આપે છે-

**'જે આપે છે, જે ગુમાવે છે, તે પ્રાપ્ત કરે છે.'**

## કુષ્ઠરોગીઓના સહોદર બ્રધર ડટ્ટન

બ્રધર ડટ્ટન ચાલીસ કરતાં પણ વધુ વર્ષોથી ફાધર ડેમિયનના પગલે પગલે ચાલી મોલોકોઈ ટાપુમાં કુષ્ઠરોગીઓના સહોદર બની રહ્યા. બ્રધર ડટ્ટન ફાધર ડેમિયનની લઘુ આવૃત્તિસમ હતા. અપ્રતિમ સામર્થ્ય અને સાહસથી તેમણે ફા. ડેમિયનના સપનાં... કુષ્ઠરોગીઓ માટેની હોસ્પિટલ, રૈનબસેરા, અનાથાલાય, શાળા વગેરે સાકાર કર્યા.

૫૦ વર્ષની જૈફ ઉંમરે ૩૧ માર્ચ બ્રધન ડટ્ટને કુષ્ઠસેવા કરતાં કરતાં શાંતિથી નશ્વરદેહનો ત્યાગ કર્યો.

કેવો યોગાનુયોગ ! ડેમિયન અને ડટ્ટન – એક બેલ્જિયમના પાદરી અને બીજા અમેરિકન નાગિરક. બન્ને અનુકંપાની ભાવનાથી પ્રજ્વલિત બન્યા અને પ્રભુપથના સહપ્રવાસી બની કુષ્ઠસેવા કાર્યો કરતા કરતા જીવ્યા અને મર્યા. ધન્ય છે એમની સેવા શહિદીને ! ચાલો, આપણે સૌ કુષ્ઠરોગીઓની સેવા માટે હૈયામાં કરુણા અને હમદર્દીની ભાવનાભરી કશુંક રચનાત્મક કરવાનો સંકલ્પ કરીએ.

## કુષ્ઠજંતુના શોધક ડો. હેન્સન

આજથી સેંકડો વર્ષ પહેલાં (અને આજે પણ) કુષ્ઠરોગ અંગે અનેક વહેમો અને ભ્રામક માન્યતાઓ પ્રચલિત હતી. ઈ.સ. ૧૮૭૦માં નોર્વેના એક યુવના ચિકિત્સકે એની સામે અવાજ ઉઠાવ્યો. એનું નામ હતું જીરાર્ડ આર્મર હેન્સન. ઈ.સ. ૧૮૪૧માં નોર્વેના બર્ગેન પરગણામાં તે જન્મેલા. આસ્લો યુનિવર્સિટીમાં તબીબી અભ્યાસ પૂરો કરી કુષ્ઠરોગ અંગે સંશોધનની પ્રબળ ઈચ્છાને કારણે બર્ગેનની લેપ્રેસી હોસ્પિટલમાં જોડાયા. તે માનતા કે માનવજીવનનું ધ્યેય કેવળ અર્થ પ્રાપ્તિ ન હોઈ શકે. પોતાની તેજસ્વી કારકિર્દિને કુષ્ઠરોગ ક્ષેત્રે હોડમાં મૂકી. કુષ્ઠરોગની ગંદકીમાં સબડતા આજાર લોકો માટે કાંઈક કરી છૂટવું જોઈએ એ તેમનું જીવન ધ્યેય બન્યું.

ચેપી કુષ્ઠરોગીઓના દુર્ગંધ મારતા અને પરુથી ખદખદતા ઘાના ગંદવાડામાં તેમણે હાથ નાખ્યા. એ ગંધાતા માંસના લોચામાંથી સૂક્ષ્મદર્શક યંત્રની  તેમણે લાકડી આકારના હાલતા ચાલતા સુક્ષ્મ જીવાણુઓ (માઈક્રોઓર્ગેનીઝમ) જોયા. વારંવાર નિરીક્ષણ-પરીક્ષણથી ખાતરી કરી. ૧૮૭૩માં પોતાની શોધ જગત સમક્ષ જાહેર કરી... કુષ્ઠરોગ દૈવીશાપ કે પાપનું પરિણામ નથી, પરંતુ બીજા સામાન્ય રોગની જેમ જંતુઓથી થાય છે. તે જંતુઓ 'માઈકોબેક્ટેરીયમ લેપ્રે' નામે ઓળખાય. તેમની આ ક્રાંતિકારી શોધથી તબીબી જગત અને સમાજમાં ભારે હલચલ મચી ગઈ.

તેમની આ વાતને તે વખતના નિષ્ણાત તબીબોએ પણ ન સ્વીકારી, એટલું જ નહિ પણ તેને નૈતિકતા વિરુદ્ધ ગણાવી તેમને હોસ્પિટલમાંથી રાજીનામું આપવાની ફરજ પાડી.

ડો. હેન્સન તેનાથી જરાય વિચલિત ન થયા. તેમને પોતાના સંશોધન માટે અખૂટ શ્રદ્ધા અને વિશ્વાસ હતો. પાછળથી તેમની શોધનો સ્વીકાર કરવામાં આવ્યો અને કુષ્ઠનિવારણ ઝૂંબેશના વડા તરીકે તેમની નિમણૂક કરવામાં આવી.

બરાબર ૧૦૦ વર્ષ પછી ૧૯૭૩ના વર્ષને હેન્સન શતાબ્દી વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. તેમની આ મહાન શોધને ચિરસ્મરણીય બનાવવા કુષ્ઠરોગને તેમના નામ સાથે જોડી દેવામાં આવ્યો. કુષ્ઠરોગને હવે 'હેન્સન ડિસીઝ' તરીકે ઓળખવામાં આવે છે. ઈ.સ. ૨૦૦૦ની સાલ સુધીમાં દુનિયાભરમાં કુષ્ઠરોગ નાબૂદી માટે તેના સ્વપ્નને સાકાર કરવા જગતભરમાં તે માટેના ઘનિષ્ટ કાર્યક્રમો હાથ ધરાયા. ઔષધી વિજ્ઞાનની ઉપકારક શોધોના ઈતિહાસમાં કુષ્ઠજંતુના શોધક તરીકે ડો. હેન્સનનું નામ સુવર્ણાક્ષરે અંકિત રહેશે.

## કુષ્ઠરોગીની સેવામાં મહાત્મા ગાંધીજી

રક્તપિત્તના રોગથી ક્ષત-વિક્ષત થયેલા કુષ્ઠરોગી પરચૂરે શાસ્ત્રીની સેવા-સુશ્રૂષા કરતા પૂ. ગાંધીજીની પ્રસિદ્ધ છબી આજે પણ સૌને સેવાધર્મની સાચી દિશા ચિંધતી પ્રેરક બની રહી છે.

ફાધર ડેમિયનની માફક પૂ. ગાંધીજી પણ પોતાનું જીવન કુષ્ઠરોગીની સેવામાં વિતાવવા માગતા હતા. કુષ્ઠરોગીની યાતના અને અવહેલનાથી દ્રવી જઈને એક વખત તેઓ ચિત્કારી ઊઠયા હતા - 'જો મને પુનર્જન્મ મળવાનો જ હોય તો હું કુષ્ઠરોગીઓની જમાતમાં જન્મવાનું પસંદ કરુ જેથી તેમની વેદનાઓને સાક્ષાત્ અનુભવ કરી શકું.'

કુષ્ઠસેવા પ્રત્યેની તેમની મમતા બાળપણથી જ બંધાયેલી હતી. ૧૮૮૧-૮૨ની સાલમાં કથાકાર લધા મહારાજને કુષ્ઠરોગ થયેલો-ત્યારે કિશોર મોહનને તેમના તરફ કુદરતી જ અનુકંપા જાગેલી. દ.આફ્રિકામાં નાતાલ ઈન્ડિયન કોંગ્રેસના કામો અંગે ગામે ગામ ફરતા ત્યારે કુષ્ઠરોગીઓના ટોળાઓનો એકવાર તેને ભેટો થયેલો. કાર્યકર સાક્ષીઓની અનિચ્છા હોવા છતાં સમય કાઢી તેમના દુઃખદર્દની દાસ્તાન સાંભળીને સાંત્વના આપવાનો પ્રયાસ કર્યો. ડર્બનના તેમના નિવાસસ્થાને લોહી-પરૂથી બદબૂ મારતા વિકૃત કુષ્ઠરોગીને અડધી રાત્રે આશ્રય આપી પ્રેમપૂર્વક તેના જખમ સાફ કરી તેની સેવાચાકરી કરી.

ભારત આવ્યા પછી તેમની સ્વરાજયાત્રા વખતે કુષ્ઠરોગીઓને તેમની વસાહતમાં મળવાનું ચૂકતા નહિ. ૧૯૧૭માં બિહારના ચંપારણ્ય જિલ્લામાં કિસાન સત્યાગ્રહની પદયાત્રામાં સામેલ થયેલા એક કુષ્ઠરોગીને તેના દૂઝતા પગે પોતાની પોતડી ફાડીને પાટો બાંધેલો તથા પ્રાર્થના સમયે પોતાની પાસે બેસાડી તેનો આદર કરેલો. કેટલાય કુષ્ઠરોગીઓ મહાત્માજીના પાવન ચરણસ્પર્શ કરવાની ઈચ્છા કરતા ત્યારે પૂ. ગાંધીજી ચેપની પરવા કર્યા વિના તેમને તેમ કરવા દેતા અને સાક્ષીઓને સમજાવતા કે કુષ્ઠરોગી અસ્પૃશ્ય કે તિરસ્કૃત બને તેમાં આપણી હૃદયનિયતાની પરાકાષ્ઠા છે.

૧૯૩૯માં ગાંધીજીના અંતેવાસી, સંસ્કૃતના પ્રકાંડ પંડિત શ્રી પરચૂરે શાસ્ત્રીને કુષ્ઠરોગ થયો ત્યારે વર્ધા આશ્રમમાં પોતાના નિવાસ પાસે જ એક કુટિર બાંધી નિયમિત તેમની સેવા-સુશ્રુષા કરી.

એક વખત વર્ધામાં કોંગ્રેસ કારોબારીની અગત્યની બેઠકમાં દેશના ગંભીર પ્રશ્નોની ચર્ચા-વિચારણા ચાલી રહી હતી ત્યારે સમય થતાં ગાંધીજી અધૂરી બેઠક છોડીને પરચૂરે શાસ્ત્રીની સારવાર માટે જવા ઊપડ્યા ત્યારે પંડિત જવાહરલાલ અકળાઈને બોલી ઊઠ્યા - બાપુ, સ્વરાજ્ય અને દેશના પ્રશ્નો કરતાં પણ આવા લોકાની સેવાનું શું વધારે મહત્ત્વ છે ? ત્યારે ગાંધીજીએ મક્કમતાથી જવાબ વાળ્યો - હા ! છે. મારે માટે તો એ (કુષ્ઠરોગીની સેવા) સ્વરાજ્ય કરતાં પણ ચઢિયાતું કામ છે.

૩૦ જાન્યુ. ૧૯૪૮ના ગોઝારા શુક્રવારે પૂ. બાપુની હત્યા થઈ ત્યારે તેના પડઘા દુર-સુદૂર દેશવિદેશમાં પડ્યા. ફિલિપાઈન્સ ટાપુઓમાં વસતા કુષ્ઠરોગી વસાહતે ગાંધીજીને અજાતશત્રુ અને તરછોડાયેલાના મિત્ર તરીકે શ્રદ્ધાંજિલ આપી.

આપણે સૌ ભારતવાસીઓ પૂ. ગાંધીજીના 'કુષ્ઠસેવા'ના અધૂરા રહેલા કાર્યને ઉપાડી લઈ કુષ્ઠરોગને દેશવટો આપીશું ત્યારે જ પૂ. બાપુજીને સાચી શ્રદ્ધાંજિલ આપી ગણાશે.

## પૂ. ગાંધીજીની દૃષ્ટિએ કુષ્ઠસેવા

- કુષ્ઠસેવાનું કાર્ય એ માત્ર તબીબી રાહતનું નથી પરંતુ એમાં તો જીવનની નિરાશાને આત્મત્યાગના ઉલ્લાસમાં અને પોતાની મહત્ત્વાકાંક્ષાને નિસ્વાર્થ સેવામાં બદલી નાખવાનું હોય છે.
- જે લોકો કુષ્ઠરોગીઓ પ્રત્યે બેદરકાર છે તેઓ હૃદયહીન છે. કુષ્ઠરોગીઓને તરછોડવા એ હૃદયહીનતાની પરાકાષ્ઠા છે.
- જો આપણો સમાજ કુષ્ઠરોગીઓને અપનાવી શકતો ન હોય અને તેના તરફ માત્ર ધૃણાભાવ રાખતો હોય તો પોતાની જાતને માનવ કહેવડાવાનો કોઈ અધિકાર નથી.
- સાચી આઝાદી આવી ત્યારે કહેવાય કે જ્યારે ભારતમાં કુષ્ઠરોગનો એકપણ દર્દી કે ભિક્ષુક સારવાર-સુવિધાથી વંચિત ના રહે.
- કુષ્ઠરોગ સાંભળતાં જ લોકોમાં ધૃણા ઉત્પન્ન થાય છે. મધ્ય આફ્રિકા પછી કદાચ ભારતમાં કુષ્ઠરોગીઓની સંખ્યા સૌથી વધુ હશે. આપણા સમાજમાં ઊંચા ગણાતા લોકો જેટલું જ સ્થાન કુષ્ઠરોગીઓનું હોવું ઘટે, જ્યારે આ કુષ્ઠરોગીઓને તરછોડાયેલા ગણવામાં આવે છે જે અહિંસાની દૃષ્ટિએ આ વર્તનને હૃદયહીન કહેવા લલચાઉં છું.
- તેઓ ગરીબ માણસો આ આધુનિક સમાજથી એવા તો ગભરાઈ ગયા છે કે એમની કોઈપણ માગણી રજૂ કરી શકતા નથી. તેઓને સાચું શિક્ષણ આપો એટલે તેઓ આદર્શ નાગરિક બની રહેશે.

# કુષ્ઠરોગીઓની મમતામયી મા - મધર ટેરેસા

ભારતને પરદેશી મિશનરીઓની સેવા ખૂબ માફક આવી ગઈ છે. સ્વામી વિવેકાનંદની શિષ્યા સીસ્ટર નિવેદિતા, પાંડેચીરીના શ્રી માતાજી અને ભારતને પોતાનું કર્મક્ષેત્ર ગણનાર મધર ટેરેસા વગેરે વગેરે.

વતન એમનું પરદેશ-યુગોસ્લેવીયા પરંતુ માત્ર ૧૮ વર્ષની વયે આજીવન બ્રહ્મચર્યનું દુષ્કર વ્રત લઈ સેવાનો ભેખ ધારણ કર્યો. ૧૯૨૮માં ભારત આવી કલકત્તાની સેંટ મેરી હાઈસ્કુલમાં શિક્ષણકાર્ય કર્યુ, પરંતુ તેનાથી તેમને પૂરો આત્મસંતોષ ન થયો. કલકત્તાની ગલીઓ અને ઝૂંપડપટ્ટીઓમાં ગૂંગળાયેલી માનવતા તેમને પોકારી રહી હતી... અને માત્ર પાંચ રૂપિયાની મૂડી સાથે હૃદયમાં સેવા અને મુખે પ્રભુનામ લઈને ભરજુવાનીમાં આ એકલી નારી સેવાના વિકટ પંથે ચાલી નિસરી.

ક્યારેક શાળા ચલાવી, ક્યારેક ગંદાગોબરાં છોકરાનાં હાથ-મોં ધોયાં, સાફ સૂથરાં બનાવ્યાં તો ક્યારેક રસ્તાની ગંદી ગલીઓ અને ગંધાતી ગટરોમાં મરવા પડેલા માનવદેહોને ઊંચકીને દવાખાને પહોંચતા કર્યાં.

આજે તો પીડિત સેવાનું બી મોટું વટવૃક્ષ બની ગયું છે. એમની સંસ્થા 'મિશનરીઝ ઓફ મર્સી' વિશ્વવ્યાપક સ્તરે વિસ્તરી છે. મધર ટેરેસાને પોતાનું કોઈ અંગત કુટુંબ નથી છતાં તેમનો પરિવાર હિમાલય જેવડો વિરાટ અને સાગર જેટલો વિશાળ છે. (૧૯૮૦ના આંકડા મુજબ) ૭૫૦૦ અનાથ બાળકો ૬૦ શાળાઓમાં શિક્ષણ મેળવી રહ્યા છે; ૯,૬૦,૦૦૦ દર્દીઓ ૨૧૩ સારવાર કેન્દ્રોમાં સારવાર-શુશ્રૂષા પામે છે; ૪૭૦૦૦ કુષ્ઠરોગીઓ ૫૪ કુષ્ઠસેવા કેન્દ્રોમાં આશ્રય મેળવી ગૌરવપૂર્ણ જીવન જીવી રહ્યા છે; રસ્તા પર ૨૦૦૦ ત્યજાયેલા તરછોડાયેલા બાળકો ૨૦ શીશુઘરોમાં માનવીય પ્રેમ અને હૂંફ મેળવી રહ્યા છે; ૩૪૦૦ જેટલા અભાગી માનવીઓ ૨૩ કેન્દ્રોમાં ઈશ્વરના સાનિધ્યમાં મૃત્યુની રાહ જોતાં સૂતેલાં છે.

'મિશનરીઝ ઓફ ચેરિટી' મારફતે મધરે એવી એક વિશ્વવ્યાપી સાધ્વીઓની જમાત ખડી કરી દીધી છે જે ગાંઠનું ગોપીચંદન ખર્ચીને ઉમંગભેર મધરના સેવાયજ્ઞમાં જોડાયેલા છે. મધર ટેરેસાના અનોખા સેવાસર્જનો છે... 'નિર્મળહૃદય' શુદ્ધ હૃદયથી મૃત્યુને ભેટવાનું ઘર, 'શિશુભવન' રસ્તા પર ત્યજાયેલા-તરછોડાયેલા બાળકોનું ઘર અને શાંતિધામ-તિરસ્કૃત કુષ્ઠરોગીઓ માટેનું આશ્રયસ્થાન.

મધર ટેરેસાની સેવાસુવાસ વિશ્વભરમાં પ્રસરેલી છે. તેમની અપૂર્વ સેવાની કદરરૂપે ભારત સરકારે ૧૯૬૨માં 'પદ્મશ્રી'નો ઈલ્કાબ આપ્યો; ૧૯૭૧માં અમેરિકન સરકારે 'કેનેડી ઈન્ટરનેશનલ એવોર્ડ' આપ્યો. ૧૯૭૨માં આંતરરાષ્ટ્રીય સમજ માટે જવાહરલાલ નહેરુ એવોર્ડ તથા ૧૯૭૯માં સર્વશ્રેષ્ઠ 'ભારતરત્ન'નો ઈલ્કાબ મધરને એનાયત થયા. એ બધામાં શિરમોર સમો ૧૯૭૯ના વર્ષનો વિશ્વનો સૌથી શ્રેષ્ઠ પુરસ્કાર – 'નોબલ પ્રાઈઝ' (૧,૯૧,૦૦૦ ડોલરનું ઈનામ) મધર ટેરેસાને મળ્યું.

વાદળી કિનારીવાળી સફેદ સાડીમાં ઓપતી એ મૂઠી ઊંચેરી મમતામયી મા-ટેરેસાથી અમૃતવાણી હૃદયમાં કોતરી રાખવા જેવી છે. 'પ્રભુએ કહ્યુ:- હું ભુખ્યો છું - મને ખાવાનું આપો, હું તરસ્યો છું - મને પાણી આપો, હું નગ્ન છુ - મને કપડાં આપો, હું આશ્રય વિહોણો છું - મને આશ્રય આપો.'

ગરીબ માનવીઓ મહાન છે, પ્રેમાળ છે. એમને આપણી દયા કે સહાનુભૂતિની આવશ્યકતા નથી. એમને આપણા પ્રેમ અને આદરની જરૂર છે. એમના ગૌરવનું જતન કરીએ.

ભૂખ્યા, નગ્ન, ઘરબાર વિહોણા, અપંગ, રક્તપિત્તગ્રસ્તો જે વણચાહ્યા અને ઉપેક્ષિત માનવીઓ છે ને સમાજને બોજારૂપ લાગે છે તેના નામે આ (નોબલ) પારિતોષિક મેળવવા હું એમની ઋણી છું. (અવસાન૧૯૯૭)

## કુષ્ઠસેવાપથના નિર્ભય યાત્રી - બાબા આમટે

વર્ષો પહેલાં પૂ. ગાંધીજીએ જેમને અભય સાધક-સેવાપથના નિર્ભય યાત્રી તરીકે નવાજેલા એવા બાબા આમટેનું પુરુ નામ છે બેરીસ્ટર મુરલીધર દેવીદાસ આમટે.

વર્ષો પહેલાં આ બેરીસ્ટરના જીવનમાં એક જબરજસ્ત ચમત્કાર સર્જાયો. એક દિવસે ધોધમાર વરસાદમાં થરથર ધ્રૂજતા-ખુલ્લા ઘામાંથી લોહીપરુથી નિંગળતા એક કુષ્ઠરોગીનું જુગુપ્સાપ્રેરક દૃશ્ય જોઈને તેઓ ચોંકી ઊઠ્યા. કુષ્ઠરોગીને તત્કાલીન તો ધાબળો ઓઢાડ્યો પરંતુ ઘેર ગયા પછી રાતની ઊંઘ હરામ થઈ ગઈ. વિચારના ચક્રાવે ચઢ્યા-મને, મારી પત્નીને કે પુત્રને આ રોગ થાય તો એમની પણ આવી જ દશા થાય ને ? મારે મનમાંથી અને સમાજમાંથી આ ડર... રોગી પ્રત્યેની ઘૃણા કાઢવી જ જોઈએ એવો લોખંડી સંકલ્પ કરી પોતાના ભીરૂ મનને વ્રજ સમાન દૃઢ બનાવ્યું.

વકીલાત છોડી ઊપડયા 'કલકત્તા-સ્કૂલ ઓફ ટ્રોપીકલ ડિસીઝ'માં કુષ્ઠરોગની વિદ્યા ભણવાનું શરૂ કર્યું. એક કુષ્ઠરોગથી ડરી ગયેલા બેરીસ્ટર રોગના સંશોધનાર્થે પોતાના શરીરમાં કુષ્ઠજંતુઓ દાખલ કરવા તૈયાર થઈ ગયા અને એ રીતે બેરીસ્ટર મુરલીધરમાંથી બાબા આમટેનો પુનર્જન્મ થયો.

માત્ર છ દર્દીઓ અને ૧૪ રૂપિયાની મૂડીથી કુષ્ઠસેવાનું કાર્ય શરૂ કર્યું. મધ્યપ્રદેશની સરકારે ચંદ્રપુર જિલ્લામાં ૨૫ એકર પડતર જમીનવાળા જંગલો કુષ્ઠરોગીની વસાહત માટે આપ્યા. આ અભય સાધકે એકલે હાથે જંગલો કાપ્યા, કાંટાળા છોડને બાળ્યા, પથરાઉ જમીન ફોડીને કૂવાઓ ખોદ્યા, હિંસક પશુઓનો સામનો કર્યો અને અપ્રતિમ પુરુષાર્થથી વેરાન ઉજ્જડ મરુભૂમિમાંથી મંગલ ધામ 'આનંદવન' -કુષ્ઠરોગી વસાહતનું શૂન્યમાંથી સર્જન કર્યું. આજે ૧૫૦૦ કરતાં વધુ કુષ્ઠરોગીઓ અને અપંગો 'આનંદવન'માં સ્વાશ્રયી જીવન

સ્વમાનભેર ગુજારી રહ્યા છે.

બાબા છેલ્લા વર્ષોમાં કરોડરજ્જુના ભયંકર દર્દથી પીડાઈ રહ્યા હોવા છતાં નવાં નવાં સેવાકાર્યો હાથ પર લેતા. હવે તેમની સેવાઓ કુષ્ઠરોગીઓ પૂરતી મર્યાદિત ન રહેતાં નૂતન ભારતના ઘડતર માટે વિશાળ ફલક પર વિસ્તરતી રહી. અવળે માર્ગે વેડફાતી યુવાશક્તિને રચનાત્મક માર્ગે વાળવા તેમણે પડકાર ફેંક્યો છે. - Hands are to build, not to burn - હાથ સર્જન માટે છે - વિનાશ માટે નહિ. બાબાની પુરુષાર્થ અને અપ્રતિમ સાહસની ગાથા ગાતા આ છે તેના નૂતન સેવા મંદિરો : આનંદવન, અશોકવન જેવી કુષ્ઠરોગી વસાહતો, શિક્ષણ સંસ્થા આનંદનિકેતન, માનવશક્તિ તાલિમ કેન્દ્ર - સોમનાથ પ્રકલ્પ, અપંગ અને અંધજનો માટે વ્યવસાયિક તાલીમ કેન્દ્ર-સંઘનિકેતન, આદિવાસી જાતિ માટે શિક્ષણ, ખેતી અને આરોગ્યનું તાલીમ કેન્દ્ર લોકબિરાદરી વગેરે. ગાંધીજીએ Quit India સૂત્ર આપેલું. બાબાએ Knit India (ભારતને એકતાથી જોડો) સૂત્ર આપ્યું.

કુષ્ઠસેવા યજ્ઞમાં બાબાએ પોતાની જાતની આહુતિ આપી જ છે. સાથે એમનો સમસ્ત પરિવાર-જીવનસંગિની સાધનાતાઈ ડો. પુત્રો, પુત્રવધુઓ, દીકરી જમાઈ સુધ્ધાંને જોતર્યા છે. ૧૯૭૧માં ભારત સરકારે તેમની વિરલ સેવાઓને ‘પદ્મશ્રી’ના ચંદ્રકથી બિરદાવી, ૧૯૭૯ના વર્ષનો રૂ. ૧ લાખનો શ્રી જમનાલાલ બજાજ એવોર્ડ તેમને એનાયત થયો. પૂ. ગાંધીજીની ગ્રામસ્વરાજની કલ્પનાને સાકાર કરતા, આર્થિક રીતે સ્વાયત્ત અને સ્વનિર્ભર આ નૂતનસેવા મંદિરો જોતાં પ્રતીતિ થાય છે કે ગાંધી આજે પણ જીવે છે... પૂ. બાબા જેવા ઉત્કૃષ્ઠ સેવકોના આત્મસભર કાર્યોમાં.

**કુષ્ઠરોગીના ચહેરા પરનું ચમકતું હાસ્ય મારે મન સૌથી મોટો ઍવોર્ડ છે.**

- બાબા આમટે

(અવસાન-૨૦૦૮)

## સંત દેવીદાસ

સૌરાષ્ટ્રની ધરતીમાં કેટકેટલા સંતો પાક્યા છે ! અને આ સંતોએ માત્ર ઉપદેશ નથી આપ્યો. પરંતુ વૃદ્ધો, અપંગો અને રક્તપિત્તના દર્દીઓની પ્રેમપૂર્વક સારવાર કરી છે. આવા સંતોમાં અમર થઈ ગયા છે, સંત દેવીદાસ !

સવાર પડે તે દેવીદાસ કાવડ લઈ રામરોટી ઉઘરાવવા નીકળી પડે. આ રામરોટી કુષ્ઠરોગીઓને હાથોહાથ ખબરાવે, એમના ઘા ધૂએ ને સેવાચાકરી કરે.

સોરઠના વાવડી ગામે શ્રી દત્તાત્રેયના ધૂણા પાસે દુઃખી, રોગી અને ત્યજાયેલાઓ માટે ગુરુજયરામજીના આશીર્વાદથી આશ્રમ બાંધ્યો. આંગણામાં સૂતેલી ગંધાતી ડોશીને મા મા કહેતાં જાય તે ઘામાંથી લોહી-પરૂ સાફ કરતાં જાય. ડોશી કહે - ‘ભગવાન મને મોત દીયે

તો સારું ! દેવીદાસ ! કયે નાતે તમે મારી ચાકરી કરો છો ?' ત્યારે પ્રસન્નમુખે દેવીદાસ બોલે - 'મા ! હું તો ધર્મના નાતે, માણસાઈના નાતે સેવા કરું છું. જે 'દિ માણસમાંથી સેવા ધર્મ વહ્યો જશે, તે 'દિ આ પૃથ્વી સમંદરના પાણીમાં ઝબોળાઈ જશે.'

ત્રણચાર ગામના ઘર ફરી રોજ રામરોટી લાવે. પછી કૂવામાંથી હાથ-મોં ધૂએ. ત્રણચાર સાદ પાડે- 'કોઈ સાધુ, સંત, અભ્યાસગત હોય તે રામરોટી જમવા પધારે !' લૂલાં, લંગડાં, ઘરડાં, અનાથ સૌ આવે. ખીચડી-રોટલાનાં બટકાં અને મરચાંના ચીરના ભાણાં મંડાય. આંગળાં ખવાઈ ગયેલાંને દેવીદાસ પોતાના હાથે કોળિયા ભરાવે. ડોશીમાને માટે રોટલાંનો ભૂકો કરી દૂધમાં ચોળીને ખવરાવે. સૌને ખોરાકની નાની નાની હાજત પ્રમાણે જમાડે. પછી દેવીદાસ એંઠ ઉપાડે, ઠામ, વાસણ માંજે, જગ્યા માફ કરે. ત્યારે રાત પડે સૌની પથારી કરે અને પછી વધ્યુંઘટ્યું ખાઈ લે, તે પછી એકતારો લઈ ભજન માંડે. બધાંને ઊંઘાડે, ગાયને નિરણ નાખે અને છેલ્લે દેવીદાસ પથારીમાં પડે.

પરંતુ દેવીદાસની સેવામાં ભાગ પડાવનાર જોગાનુજોગ દેવીસ્વરૂપ યુવતી-અમરબાઈ આશ્રમમાં આવી પહોંચી. અમરબાઈના પ્રવેશથી આખા આશ્રમનું સ્વરૂપ પલટાઈ ગયું. એક માતા પોતાના રોગી શીશુની જે સંભાળથી જતન કરે એવી સંભાળથી કુષ્ઠરોગીઓની સેવા કરવા માંડી. આશ્રમમાં સર્વત્ર સ્વચ્છતા, સુઘડતા અને પ્રસન્નતાનું સામ્રાજ્ય પ્રસરી ગયું.

એક દિવસે દેવીદાસે અમરબાઈ અને સાથીદાર શાર્દુલને પાસે બોલાવ્યા. ચહેરા ઉપર કાયમ બંધાયેલી રહેતી બુકાની છોડી દીધી. બેઉ હેબલાઈ ગયા. દેવીદાસના જેવા મોં પર રક્તપિત્તની વધી ગયેલી કરૂપતા દેખાતી હતી. દેવીદાસ ફીક્કું હસતાં કહે - 'તમે સૌ એમ માનો છો કે દેવીદાસ ચમત્કારિક પુરૂષ છે ? નહિ ! હું તો સામાન્ય દેવો રબારી છું - વિનાશ પામનારી આ કાયાનો સદુપયોગ કરવા જ આ થાનક લઈને બેઠેલો પામર જીવ છું.'

'અને એક બીજી વાત. મારું કાર્ય પુરું થયું. હવે મારે સમાધી લેવી છે.' સંતે પોતાની અંતિમ ઈચ્છા પ્રદર્શિત કરી... સાથે અમરબાઈએ પણ સંતની સાથે સમાધી લેવાનું નક્કી કર્યું. બેઉની ભેળી કંકોતરિયું લખાઈ. લગ્ન, વાસ્તુ અને રીસેપ્શનની કંકોત્રીની તો સૌને ખબર છે. પરંતુ સમાધી લેવાની કંકોત્રી તો આ ભારતભૂમિમાં જ લખાય. સૌરાષ્ટ્ર અને ગીરનારના ગેબી સંતોને નિમંત્રણ મોકલાવ્યા. એ મહાન ઉત્સવ પ્રસંગે છ હજાર સાધુસંતો પધાર્યા. દેવીદાસ અને અમરબાઈએ જાતે સૌને ભરડકું બાફીને જમાડ્યાં. આખી રાત સૌએ ભજન ગાયાં. વહેલી પ્રભાતે સંત જસાવેળદાનની સમાધીની બાજુમાં બે ખાડા ખોદાયા. અમરબાઈ અને દેવીદાસે સૌને 'સીતારામ' કહી વંદના કરી, આશીર્વાદ લઈ ખાડામાં સામસામાં બેઠાં.

આ તે કેવી સમાધી ! સાંભળતાંય રૂંવાડાં રોમાંચ કરી ઊઠે. બંનેએ હાથ જોડ્યા. સંતોએ રામધૂન મચાવી ને સૌના જયજયકાર વચ્ચે એમના દેહ પર, ખાડામાં ધૂળ વાળવા માંડી. થોડીવારમાં તો અમૃતમાર્ગના એ સહપંથીઓના દેહ ધૂળથી ઢંકાઈ ગયા પણ નામ અમર થઈ ગયા.

# પ્રથમ ભારતીય મિશનરી

૧૫ ફેબ્રુ. ૮૦ના રોજ કુષ્ઠસેવક શ્રી મનોહરજી દિવાનનું દત્તપુર મુકામે લપસી પડતાં અવસાન થયું.

ભારત માટે એક સર્વસામાન્ય આક્ષેપ હતો કે ખ્રિસ્તી મિશનરી સિવાય રક્તપિત્ત દર્દીઓની સેવા કોઈ કરતું નથી. પૂ. ગાંધીજીની પ્રેરણાથી મનોહરજીએ પોતાની જાતને કુષ્ઠસેવામાં સમર્પિત કરી આ આક્ષેપને દૂર કર્યો - તેઓ પ્રથમ ભારતીય મિશનરી બન્યા.

ગાંધીસેનાના તાજા જોબનવંતા જુવાન મનોહરે ૧૯૩૬ સુધી ગાંધીજીના 'Need of the hour' વાળા ભાષણથી આકર્ષાઇ અભ્યાસ છોડી દીધો અને સ્વરાજ્ય-યજ્ઞમાં આહુતિ હોમવા તૈયાર થઈ ગયા. ૧૯૩૬ સુધી ગ્રામસેવાકાર્યમાં ખૂંપી ગયા. તે પછી ગાંધીજીના આશીર્વાદથી વર્ધા પાસે દત્તપુરમાં 'મહારોગી સેવા' મંડળ સ્થાપી કુષ્ઠસેવાનું અતિવિકટ કાર્ય શરૂ કર્યું.

ભારત સરકારે પણ મનોહરજીની દીર્ધકાલિન સેવાનું સન્માન કરતાં ૧૯૫૭માં પદ્મશ્રીનો એવોર્ડ આપ્યો. પરંતુ બધા એ એવોર્ડને પાણી ભરાવે તેવો એવોર્ડ તો મનોહરજીને વર્ષો પહેલા પૂ. ગાંધીજી પાસેથી મળી ચૂક્યો હતો. મનોહરજીને કુષ્ઠસેવા માટે આશીર્વાદ અને ચેતવણી આપતાં પૂ. ગાંધીજીએ કહેલુ, “જો મનોહર ! તું કુષ્ઠરોગીઓની સેવા કરે તે મને તો ખૂબ જ ગમશે પરંતુ કુષ્ઠસેવાનું કામ કઠીન છે. તને કોઈનોય સથવારો નહિ સાંપડે. આ કામમાં મારી સહાનુભૂતિ મળશે, પણ સમય તો તને હું નહી આપી શકું...

આજ અનુસંધાનમાં એકવાર રેડિયો પર વાર્તાલાપ આપતાં બાપુ અકળાઈને બોલી ઊઠેલા - 'તમે બધા મને શું મહાત્મા-મહાત્મા કીધે રાખો છો ? સાચો મહાત્મા તો પેલાને કહેવો જોઈએ જે દત્તપુર કુષ્ઠધામમાં બેઠેલો છે.'

વીસ વર્ષ સુધી એકધારો આ સેવાયજ્ઞ ચાલતો રહ્યો. દત્તપુરમાં પોતાના દુઃખી દત્તક પુત્રો સાથે જીવનની સંધ્યાનો મહોત્સવ ઊજવીને સેવા કરતાં કરતાં મનોહરજી અનંતમાં વિલીન થઈ ગયા.

એવો એક 'મહાત્મા' આજે દિગંત થઈ ગયો. ભગવાનનાં ચરણોમાં એ જ પ્રાર્થના કે જે પ્રેરણા ભગવાને મનોહરજીને આપી તે આપણા સૌને આપે. ભારતના પ્રથમ મિશનરી સ્વ. મનોહરજી દિવાનને અમારી અશ્રુપૂર્ણ શ્રદ્ધાંજલિ !

**“કુષ્ઠરોગ મટી શકે છે.”**

## તપોવનના તપસ્વી

જગદંબા કુષ્ઠનિવાસ - તપોવન (અમરાવતી-મહારાષ્ટ્ર)ના સ્થાપક ડો. શિવાજીરાવ ગણેશ પટવર્ધન ઉર્ફે દાજીસાહેબનું ૯૪ વર્ષની વયે ૭ મે ૧૯૮૬ના દિવસે અવસાન થયું. કુષ્ઠરોગીઓને સામાજિક પ્રતિષ્ઠા અપાવવા માટે તેઓ જીવનભર ઝઝૂમ્યા હતા. રક્તપિત્તના દર્દીઓએ બનાવેલી વસ્તુઓ સરકારી સંસ્થાઓ ખરીદે તેવી માગણીસર તેમણે ૧૯૮૨માં મહારાષ્ટ્ર સરકાર સામે સત્યાગ્રહ આદર્યો હતો અને ૫ દિવસનો જેલવાસ પણ ભોગવ્યો હતો. સરકારે જ્યારે તપોવન કુષ્ઠધામને વધુ સરકારી સહાય માટે કેટલીક શરતોનો આગ્રહ કર્યો ત્યારે સિદ્ધાંતોના ભોગે ડો.પટવર્ધને નમતું જોખ્યું નહિ ને તેથી સરકારે તપોવનને પોતાના હસ્તક કર્યું. ત્યારબાદ તેમણે નિવૃત્તિ સ્વીકારી. અમરાવતીથી ૪૦ કિ.મી. દૂર ચાંદૂર ખાતે પોતાના એક સ્નેહી સાથે રહેવા ચાલ્યા ગયા અને ત્યાં જ તેમણે દેહત્યાગ કર્યો.

૧૮૮૧ના ડિસે.૨૮મીએ કર્ણાટકમાં આસંગી ખાતે તેમનો જન્મ થયેલો. ૧૯૧૪માં કલકત્તા યુનિ.માંથી હોમિયોપથીની ડોક્ટરેટની ઉપાધી મેળવી. ત્યારબાદ ગોપાલકૃષ્ણ ગોખલે અને બાલ ગંગાધર તિલકની અસર હેઠળ તેમણે સામાજિક કાર્ય શરૂ કર્યું. ૧૯૩૨ અને ૧૯૪૨થી ૧૯૪૬ દરમિયાન તેમણે જેલવાસ ભોગવ્યો. ૧૯૫૦માં તેમણે અમરાવતી ખાતે જગદંબા કુષ્ઠનિવાસની સ્થાપના કરી. ૧૯૫૬માં ભારત સરકારે તેમનું કુષ્ઠસેવા માટે 'પદ્મશ્રી' એનાયત કરી રાષ્ટ્રીય બહુમાન કર્યું. ડો. પટવર્ધનના સેવાયજ્ઞમાં તેમના સહધર્મચારિણી પાર્વતીબાઈનો સાથ-સહકાર જીવનપર્યંત રહ્યો હતો. તેમની બે પુત્રીઓ શ્રીમતી અનુતાઈ ભાગવત અને શ્રીમતી કલાબાઈ કાણે પણ તેમના કુષ્ઠસેવાકાર્યના પુરસ્કર્તા હતાં.

પૂ. ગાંધીજી દ્વારા કુષ્ઠરોગના દર્દીઓની સારવાર-સુશ્રુષાના ઉમદા સેવાકાર્યનો આરંભ થયો હતો. તેને મનોહરજી દિવાન, ડો. શિવાજી ગણેશ પટવર્ધન અને બાબા આમટે જેવા મૂક કુષ્ઠસેવકોને આગળ ધપાવ્યું.

## ખંડિત માનવ કલેવરોના શિલ્પી ડો. પોલબ્રાન્ડ

'ડો. સાહેબ; તમે મારા હાથ સારા કર્યા નથી. એ ખરાબ બન્યા છે.' તે દિવસે ક્ષીણ અને સુકલકડી દર્દી કૃષ્ણમૂર્તિએ ખૂબ ખેદ સાથે કહ્યું.

'ખરાબ ! પોલ સાશ્ચર્ય બોલ્યા, હાથ તો સારા છે.'

દર્દીએ દુ:ખી અવાજે કહ્યું, 'હા, પણ ભીખ માટે ખરાબ હાથ.' અને પછી પોતાની આપવીતી જણાવી. પોતાને કામ મળશે એ આશાએ એ શહેરમાં ગયો પણ રક્તપિતનાં ચાઠાં અને નિશાનીએ એના રોગની ચાડી ખાડી અને સૌએ હડધૂત કર્યો. કામ ન મળતા ભીખ માગવા એ જાણીતા જૂના વડ નીચે પત્થર પર બેઠો. પરંતુ તેની (હાથની) વિકૃતિ ઓછી થઈ જવાથી એને ભાગ્યે જ કશું મળતું. પરિણામે એને ભુખે મરવું પડ્યું અને આમ એ

કૃશ અને ક્ષીણ થઈ ગયો.

ડો. પોલે વર્ષો પહેલાંની સ્મૃતિ ખંખોળી. તેની નજર સમક્ષ સાવ ઠૂંઠા આંગળાવાળો દર્દી કૃષ્ણમૂર્તિ તરી આવ્યો. તે હાથ વડે કશું જ પકડી શકતો ન હતો. તેના પગે ચાઠાં અને પરુ નીકળતું હતું. હડેહડે થતા કૂતરાની જેમ ભીખ પર જીવતા આ માણસને જોઈ પોલના મનમાં ભારે ઉદ્વિગ્નતા જન્મી. એમણે કૃષ્ણમૂર્તિને પૂછ્યું, 'તારા હાથ-પગ પર હું ઓપરેશન કરું તો તને વાંધો નથી ને'

ખભા ઊંચા કરી સાવ અલિપ્તભાવે દર્દીએ કહ્યું, 'ફાવે તે કરો; મારે તો એ નકામો છે.' પોલે કસબ અજમાવ્યો. ઓપરેશન સફળ થયું. કૃષ્ણમૂર્તિ સીધો સરખો ચાલવા માંડ્યો. તેની વાંકી વળેલી આંગળીઓનું ઓપરેશન કર્યું. તેના ઠૂંઠા હાથમાં ચેતના પ્રગટી ને ભાત અને દાળનો વાડકો હાથમાં પકડી ભોજન કરતો થયો. કૃષ્ણમુર્તિ હસતો-કામ કરતો દવાખાનામાંથી વિદાય થયો... અને ... હવે સાજાસમાં કૃષ્ણમૂર્તિની દયનીય સ્થિતિથી ડો. પોલને આઘાત પહોંચ્યો. સમાજનું આ રોગ માટેનું અને ધૃણાથી એમને ખૂબ લાગી આવ્યું.

કલકત્તાની કોર્ટમાં પ્રેકટીશ કરતા એક વકીલને રક્તપિત્ત રોગ લાગુ પડ્યો. ટૂંકા થયેલા હાથ-પગનાં આંગળાં, બૂચું બનેલું નાક અને ગળેલા કાન રોગની ચાડી ખાય. રક્તપિત્તગ્રસ્ત વકીલને કોર્ટમાં વકીલાત કરતા અટકાવ્યા. વકીલ ખૂબ મૂંઝાયા. કોઈકે માહિતી આપી કે મદ્રાસ રાજ્યના વેલોર શહેરની ઈસ્પિતાલમાં ડોક્ટર પોલબ્રાન્ડ એમને મદદ કરી શકશે. વકીલે પોતાની વીતક પત્ર દ્વારા જણાવી. તુર્ત જ ડો. પોલબ્રાન્ડનો તાર આવ્યો કે ઓપરેશન માટે તાત્કાલિક આવી જાઓ. થીજી ગયેલી, લાકડું બની ગયેલી આંગણીઓ અને હથેળીની નસોને ડો. પોલે સર્જરીથી જીવતી કરી - હાલતી, વળતી, ફરતી કરી અને વકીલને પુનર્જીવન મળ્યું.

વાયોલિન પ્રેમી રોબર્ટ જેમ્સ, વાયોલિન એનો પ્રાણ; પરંતુ રક્તપિત્તના કારણે આંગળીઓ કોકડું વળી ગઈ. તાર ઝણઝણે નહિ અને સંગીત રેલાય નહિં. ડો. પોલે એની હથેળી પર ઓપરેશન કર્યું. આંગળીઓ સીધી અને સુથરી બનાવી. જેમ્સ પાછો વાયોલિન વગાડતો થઈ ગયો અને ફરીથી સંગીત રેલાવતો સૌને દિવ્યસૃષ્ટિમાં તરબોળ કરી દેતો થયો.

આવા તો કેટલાયને-કુષ્ઠરોગમાં-સપડાયેલાંને ડો. પોલબ્રાન્ડે શસ્ત્રક્રિયા દ્વારા પુર્નજીવન બક્ષ્યું. સાચે જ, માનવીય ખંડિયરોની ભગ્ન માનવમૂર્તિઓ પર પોતાનો કસબ અજમાવી તેને સુડોળ, સુરેખ બનાવી માનવીય ગૌરવથી દેદીપ્યમાન કરી.

આવા રોગને કારણે તિરસ્કૃત સાજાસારા દર્દીઓ માટે તેમણે એક પુનર્વાસ કેન્દ્ર - 'નવજીવન' શરૂ કર્યુ જ્યાં સુથારી, લુહારી કામ, રમકડાં બનાવવા, ખેતી અને શાકભાજીનું કાર્ય શરૂ થયું.

નાતાલના દિવસે આ નવજીવન કેન્દ્રના દર્દીઓએ ડો. પોલનું પોતાના સારા બનેલા હાથથી સ્વાગત કર્યું અને નાતાલ નિમિત્તે બે શબ્દો બોલવાનું કહ્યું ત્યારે એમણે 'હાથ' પર ધર્મોપદેશ આપ્યો. એણે પ્રભુ ખ્રિસ્તના 'હાથ'ની વાત કરી. સુથારના એ હાથોમાં અજબ કૌશલ્ય હતું છતાં એ સંપૂર્ણ ન હતા. સંપૂર્ણ તો હતો એનો આત્મા. એટલે ભૂલ કરવા છતાં એ હાથો પવિત્ર જ રહેતા. ઈસુના હાથ હતા રોગને દૂર કરનારા, એ હાથ ફરે અને રોગીઓનો રોગ દૂર થતો; દુઃખીઓનાં દુઃખ દૂર થતાં. એ હાથ પાછળનું પ્રેરકબળ હતું કારુણ્યથી છલકાતું હૃદય અને તે કારણે ચોરના, મજૂરના, રોગીના, રાજાના અને કુષ્ઠરોગીના હાથ એને મન સમાન હતા.

એમણે પ્રવચન પુરુ કર્યું ત્યારે ઠૂંઠાં, બૂઠાં, વળેલા ગયેલાં સેંકડો હાથોનો એક સમૂહ 'નમસ્તે' કહેતો ઉંચકાયો. એ ઉંચકાયેલા હાથોમાં વરતાતાં હતાં આદર અને અપાર શ્રદ્ધા. આ શ્રદ્ધા જ ડો. પોલના ખંડિત માનવ કલેવરોના નવનિર્માણની માતા હતી. પોલની આંખો અશ્રુસભર લાગણીથી ઊઠી અને એમને પોતાના બાળપણના દિવસો યાદ આવી ગયા.

ડો. રોબર્ટ ક્રોચેન નામના સુવિખ્યાત ડોક્ટરે એને ભારતની વેલોર મેડિકલ કોલેજમાં જોડાવાનું આમંત્રણ આપતો તાર કર્યો. એ આમંત્રણની પાછળ પોલની માનો હાથ હતો, જે ભારતના લોકોની મિશનરી સેવામાં પ્રવૃત્ત હતી. પ્રેમાગ્રહને વશ થઈ યુવાન સર્જન ડો. પોલબ્રાન્ડે ૧૯૪૬ના ડિસે. મહિનામાં ભારતની ધરતી પર ડગ માંડ્યા.

ડો. પોલની રક્તપિત્ત ક્ષેત્રે સફળ સર્જરીની વાતો મુંબઈ પહોંચી. તાતા ટ્રસ્ટ તથા વાડિયા ચેરિટિઝે પોલને ૧૯૫૧માં ૧૭ ખાટલાનો રક્તપિત્તના દર્દીઓ માટે વોર્ડ બાંધવાની રકમ આપી.

રક્તપિત્ત ક્ષેત્રે આવતા અંગોની વિકૃતિઓને સર્જરીથી નિવારવાના કામમાં ખૂબ સફળતા પ્રાપ્ત થઈ પરંતુ પાયાનો એક સવાલ વણઉકલ્યો રહ્યો હતો. એ સવાલ હતો હાથપગની આંગળીઓ ખરવાનો અથવા ટૂંકા થવાનો. પોલના મનમાં આ પ્રશ્ન સતત ઘુમરાયા કરતો હતો કે રક્તપિત્તના રોગથી ગળેલી અને અકસ્માતથી તૂટેલી આંગળીઓ વચ્ચે ભેદ કેવી રીતે પાડવો ? અચાનક એક દિવસે ઉપરના પ્રશ્નો ઉકેલ હાથ લાગ્યો. કાટથી ખવાયેલું એક તાળું ખોલવા એ નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે દશ વર્ષનો એક રક્તપિત્તનો દર્દી - છોકરો હસતા હસતા કહેવા લાગ્યો, 'ડો. સાહેબ, મને પ્રયત્ન કરવા દો જોઈએ !' અંગૂઠો અને આંગળીઓનો સખત ભરડો જમાવી એણે આંચકા સાથે તાળું ઉઘાડી નાંખ્યું. પોલની આંખમાં ચમકારો આવ્યો, પણ એટલામાં એણે લોહીનું એક ટીપું નીચે પડતું જોયું. છોકરાનો હાથ તપાસતાં માલૂમ પડ્યું કે ભાર દઈને ચાવી ફેરવવા જતાં એ ચાવી છોકરાના હાથમાં ખૂંપી ગઈ હતી અને ત્યાંનું છેક નીચેનું હાડકું દેખાતું હતું પરંતુ લાગણીની જડતાને કારણે છોકરાને એની ખબર પડી નહીં.

આમ આંગળીઓ ખરવાની દિશામાં પોલને એક નવું દર્શન થયું. પછી તો રોજ સાંજે

ઓપરેશનથી પરવારી એ નવજીવન કેન્દ્રમાં પહોંચે અને પોતાના દર્દીઓને હથિયાર વાપરતા, કામ કરતાં જોઈ રહે. કામ પુરું થયે દરેકની હથેળી અને આંગળીઓ તપાસે, એમાં પડેલા ઘા-કાપાની નોંધ રાખે. ઊંડી તપાસને અંતે માલૂમ પડ્યું કે સૂતી વખતે એ લોકો હાથ લંબાવી ફાનસ બુઝાવી દે છે ત્યારે તેમના હાથ ઊના ગોળા પર પડી દઝાઈ જવાથી માંસપેશીઓ નીકળી પડતી. વળી કેટલાક દર્દીઓની પથારી નજીક લોહીના છાંટા દેખાતા અને પથારીમાં ઊંદરના પગલાં જણાતાં. તપાસ કરતાં જણાયું કે દર્દીઓ જ્યારે ઊંઘી જાય ત્યારે ઉંદર તેમની આંગળીઓ પર મિજબાની ઉડાવતા હતા. આ બધાંથી સાવચેત રહેવા ફાનસ બુઝાવવા લાકડાની ડાંડીઓ રાખી અને દર્દીઓના વોર્ડમાં બિલાડીનો સથવારો લેવામાં આવતો. પોલ માનતા કે આંગળીઓ ખરવાનું કારણ રોગ કરતાં દર્દીઓનો અજ્ઞાતપણે પોતાનો વહેવાર છે. આ રીતે ડો. પોલે રક્તપિત્તગ્રસ્ત આંગળીઓના ટૂંકાપણાના કારણો શોધી તેને નિવારવાના કાળજીભર્યા પ્રયત્નો આદર્યા.

પોલના આ કાર્યની સુવાસ રોકફેલેર ફાઉન્ડેશન સુધી પહોંચી અને તેણે ડો. પોલને દુનિયા આખીના સંશોધન માટે પ્રવાસે જવાની સંમતી અને સર્વ ખર્ચની જવાબદારી ઉપાડી લીધી. અને પોલે ઈંગ્લેન્ડ, અમેરીકાના ન્યુરો સર્જનો, રક્તપિત્ત નિષ્ણાતો, પ્લાસ્ટીક સર્જનો વગેરે સૌને મળી રોગથી જન્મતી વિકૃતિના પ્રશ્નની ચર્ચા-વિચારણા કરવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો. બ્રિટિશ સર્જરીના પિતા જોન હન્ટરના માનમાં રોયલ કોલેજ ઓફ સર્જન્સ તરફથી યોજાતી હન્ટર વ્યાખ્યાનમાળામાં 'રક્તપિત્તગ્રસ્ત હાથ અને પગનું પુર્નનિર્માણ' એ વિષય ઉપર તેણે પોતાના વિચારો, સંશોધનો અને અનુભવો જણાવ્યા.

લક્ષ્મણ નામના વિકૃત ચહેરો ધરાવતા દર્દીએ કુરૂપ દેખાવની લાગણીની ઉત્કટતામાં કૂવામાં પડી આપઘાત કર્યો. આ વાત જાણી પોલને ભારે આઘાત લાગ્યો. ગળી ગયેલાં હાથ-પગનાં આંગળાં, બૂચું નાક, ભ્રમરહીન ચહેરો વગેરે જોઈને લોકો ભયભીત બની 'પતિયો, પતિયો' કહી એનાથી આઘા ખસી જતા. ડો. પોલે આવા કદરૂપ ચહેરાવાળા દર્દીઓ પર પ્લાસ્ટીક સર્જરી (રીકન્ટ્રક્ટીવ સર્જરી)થી નાકના પુનનિર્માણ પ્રક્રિયા આરંભી. તે જ રીતે ચહેરા પર ભ્રમર ભાગ પર અન્ય ભાગની ચામડી રોપી કાળી ભ્રમરો ઊગતી કરી. શ્રી જગદિશના વીસ વર્ષથી ઉપયોગહીન હાથ પર પદ્ધતિથી ઓપરેશન કરી એને પૂર્વવ્રત વસ્તુને પકડી શકાય તેવા કામ કરતા બનાવ્યા ત્યારે શ્રી જગદિશન્ બોલી ઉઠ્યા, ''મને તો બ્રાન્ડ ન્યુ હાથ પ્રાપ્ત થયા'' અને તે પરથી આ પદ્ધતિનું નામ 'બ્રાન્ડ ઓપરેશન' પડ્યું.

રક્તપિત્ત નિવારણની પોલની મથામણમાં પગનાં પરૂકાણાં નિવારવાની પ્રયત્ન પરંપરા લાંબી અને ધીરજ-કસોટી સમાન નીવડી. પગનાં પરૂ છિદ્રોમાંથી ઘણું બધું પરું નીકળતું એટલે એમણે ઘા ધોવાની અને પાટાપીંડીની પ્રક્રિયા વિકસાવી પણ એ કારગત નીવડી નહિ. પોલ વિચારમાં ડૂબેલા હતા ત્યાં ઘા ધોવડાવવા આવેલા દર્દીઓના બૂટ પર એકાએક તેમની નજર ઊપસી આવેલી ચૂકો પર પડી. પરૂકાણાં સરખાવતાં એમને સમજાવ્યું કે આ ચૂકો ઘણાં બધાં-કાણાં માટે જવાબદાર છે. આમાંથી એમણે લાગણીહીન પગમાં છિદ્રો ઉપસાવે નહિ

અને છિદ્રોના ઘા રૂઝવવામાં સહાયભૂત થાય એવા બૂટનો વિચાર કર્યો. અને તેમાંથી આજે રક્તપિત્ત દર્દીઓ માટે ખાસ વપરાતા માઈક્રોસેલ્યુર (M.C.R.) બૂટ કે ચંપનો જન્મ થયો.

આ બધા સયમ દરમ્યાન પોલને સૌથી વધુ સંતોષ એ વાતનો રહેતો કે પોતાને ખંડિત માનવ કલેવરોને સમાજોપયોગી નાગરિક બનાવવાના પ્રયત્નોમાં સફળતા મળતી હતી. છતાં દુનિયામાં એક કરોડ કરતાં વધુ રક્તપિત્તનાં રોગીઓ છે જેમાં મોટાભાગના અપંગ છે. જેમનો પુનર્વસવાટનો પ્રશ્ન વધુ પેચીદો છે. એક દિવસે ઓપરેશનથી પરવારી ડો. પોલ કોફી પીતા હતા ત્યારે રક્તપિત્ત સમસ્યાના રાક્ષસી પ્રમાણનો ઝબકારો એમના મગજમાં એકાએક થયો. એમને થયું કે આખી જિંદગી કાર્ય કરીશું તોય આ પ્રશ્નની કોરને પણ પરાણે સ્પર્શી શકાશે. એમના મને સવાલ કર્યો 'આ ઓપરેશન કોણે કર્યું ? અંગૂઠાએ કે આંગળીઓએ? અને એ વિચાર માત્રથી એમને ખૂબ હસવું આવ્યું. એ બધાં તો સાધનો માત્ર છે અને એમના મનમાં પડઘો પડ્યો – હું પણ જગન્નિયંતાના હાથનું સાધન જ છું ને' આપણે તો એના નિમિત્તમાત્ર છીએ. એના નામે, એના કાજે કર્તવ્ય કરી છૂટીએ, ફરજ બજાવીએ એટલે કૃતકૃત્યતા અનુભવાય. આજે પણ ડો. પોલ એક સાચા વૈષ્ણવજનની માફક પ્રભુ પ્રિત્યર્થે નિમિત્તમાત્રરૂપે 'કુષ્ઠસેવા' કરે જાય છે એ ઘટના રક્તપિત્ત નિર્મૂલનની દિશામાં ઉજળી આશાનો સંચાર કરે છે.

## આધુનિક મનિષિ ડો. વારદેકર

સને ૧૯૪૪માં પેથોલોજીમાં એમ.ડી.ની ડીગ્રી મેળવી, થોડો સમય ખાનગી પ્રેક્ટીસ કરીને મુંબઈની મેડિકલ કૉલેજમાં માનદ્ લેક્ચરર તરીકે સેવા આપનાર ડૉ. વારદેકરના મનમાં થયા કરતું કે મુંબઈ જેવા શહેર છોડીને ગામડામાં જવું જોઈએ, જ્યાં ડૉક્ટર નથી તેવા ગ્રામ્ય વિસ્તારોનાં લોકોને મદદની વધારે જરૂર છે.

ગાંધીમાર્ગથી આકર્ષાઈ કેરિયર અને પૈસાનો વિચાર છોડી દઈ છેવટે મુંબઈને રામરામ કર્યા. ડો. પત્ની પ્રમીલાતાઈ સાથે સેવાગ્રામ કસ્તુરબા હોસ્પિટલમાં દરદીનારાયણોની સેવાર્થે માનદ્ સુપ્રિન્ટેન્ટન્ડ તરીકે જોડાઈ ગયા.

કુષ્ઠરોગની દવા ડેપ્સોન (ડી.ડી.એસ.)ની શોધ તદ્દન નવી હતી. ડો. વારદેકરને આ દવાની અસરકારક શક્તિ સમજાઈ હતી. વર્ધા પાસેના ગામડામાં ૧૯૫૦માં પ્રયોગરૂપે રક્તપિત્તગ્રસ્ત દર્દી પર આ દવાની શરૂઆત કરી પૂ. ગાંધીજીના રચનાત્મક કામોમાં સમાવેશ થવા છતાં લગભગ વણખેડ્યા રહેલા રક્તપિત્તના ક્ષેત્રમાં સક્રિય રસ લેવા માંડ્યો. ગાંધી મેમોરિયલ લેપ્રસી ફાઉન્ડેશનની વર્ધામાં સ્થાપના થતાં તેઓ તેના પ્રથમ સેક્રેટરી બન્યા.

રૂઢિગ્રસ્ત માણસોના વિરોધની પરવા કર્યા વિના એમણે કુષ્ઠસેવા ક્ષેત્રે દુરગામી ક્રાંતિકારી ફેરફારો કરવા માંડ્યા. કોલોનીઓ અને દયા-મદદના ક્ષેત્રમાંથી રક્તપિત્તને બહાર કાઢી વિશાળ ક્ષિતિજો પર નિયંત્રણ કાર્ય આરંભ્યું. દિનરાત જોયા વગરની અથાગ મહેનત,

વૈજ્ઞાનિક સૂઝ-સમજ અને દૂરદર્શીપણાને કારણે ફાઉન્ડેશનને આંતરરાષ્ટ્રીય ખ્યાતી મળી. દસ વર્ષના ગાળા પછી સરકારે પણ એમના વિચારો સ્વીકારી પ્રથમ ચાર પંચવર્ષીય યોજનામાં રક્તપિત્ત નિયંત્રણ કાર્યને યથાયોગ્ય સ્થાન આપ્યું.

(S.E.T.) એસ.ઈ.ટી. સેન્ટર્સ, રક્તપિત્ત નિયંત્રણ એકમો, અર્બન લેપ્રસી સેન્ટર્સ અને રેફરલ હોસ્પિટલ-ટૂંકમાં રક્તપિત્ત નિયંત્રણ માળખાના તેઓ ઘડવૈયા હતા. આ માળખા પ્રમાણે તેના માર્ગદર્શન નીચે દેશમાં અને W.H.O. દ્વારા પરદેશમાં કામગીરી આરંભાઈ. આ ક્ષેત્રે તેમનું મૌલિક પ્રદાન અદ્વિતિય છે.

'રક્તપિત્ત-દરેકને સ્પર્શતો પ્રશ્ન' નામની સર્વ પાસાને આવરી લેતી દશ પુસ્તિકાઓની સીરીઝ બહાર પાડી સમાજની સળગતી સમસ્યા તરફ ધ્યાન દોર્યું. કુષ્ઠસેવાને પરદેશી મિશનરીઓના પકડમાંથી બહાર કાઢી તેને રાષ્ટ્રીય સ્વરૂપ આપવા નેશનલ લેપ્રસી ઓગ્રેનાઈઝેસન (N.L.O.) સંસ્થાના તેઓ સ્થાપક-સેક્રેટરી બન્યા. રક્તપિત્ત સમસ્યાનાં ઉકેલ માટે પરદેશોમાં પ્રવાસ, અનેક કમિટિઓમાં પ્રમુખપદ અને સભ્યપદ એ બધા એમની જહેમતના સ્વાભાવિક પરિણામ હતા. ભારત સરકારે એમનું ઋણ સ્વીકારી તેમને પદ્મશ્રીના ઈલ્કાબથી વિભૂષિત કર્યા.

ભારતીય સંસ્કૃતિની ઉજ્જવળ પરંપરા પ્રમાણે પોતાની અધ્યાત્મિક ઉન્નતિ માટે સ્વેચ્છાએ નિવૃત્તિ લઈ સાચા અર્થમાં તેઓ ઋષિ બન્યા. એમની પાસેથી કુષ્ઠસેવા માટે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, નિષ્કામ સેવા-ભક્તિ અને છેલ્લે સંસ્થાના મોહમાં લપેટાયા વિના સ્વૈચ્છિક નિવૃત્તિ સ્વીકારી પરમધામના માર્ગે સંચરવાની પ્રેરણા-બળ એ પ્રાર્થના સાથે આ આધુનિક મનિષિને આપણા કોટી કોટી પ્રણામ !

સંકલન : સુરેશ સોની                સૌજન્ય : 'સુરભિ' આવૃત્તિ-૨૦૦૦

* * *

**પ્રતિભાવંત વ્યક્તિઓ, જેમને ઈન્ડિયન લેપ્રસી ફાઉન્ડેશન તરફથી સન્માનરૂપે મરણોત્તર એવોર્ડ એનાયત થયો હતો.**

## કુષ્ઠરોગ સામેના સંગ્રામના કુશળ સેનાની ડો. ધર્મેન્દ્ર

ભારતમાં લેપ્રેસી નિષ્ણાતોમાં સૌથી પ્રખર અને અગ્રગણ્ય નામોમાં માંધાતા તરીકે ડો. ધર્મેન્દ્ર ખ્યાતનામ હતા. તેઓશ્રીની ગણના કુષ્ઠસેવા ક્ષેત્રમાં પિતામહતુલ્ય પ્રતિભા તરીકે થતી આવી છે ડૉ. ધર્મેન્દ્ર સંપૂર્ણ રીતે કુષ્ઠસેવાના હેતુને સમર્પણની ભાવનાથી વરેલા હતા. તેમણે ઘણાં બધાં સમય સુધી ઘણાં ઉમદા કાર્યો પરિપૂર્ણ કર્યાં હતાં. આવી સિદ્ધિ માત્ર ગણ્યા-ગાંઠ્યા જ મેળવી શકે ! ઘડપણ અને કથળતી જતી તબિયતે પણ તેમની આ કાર્ય કરવાની ભાવના અને લાગણીને જીવનપર્યંત સુધી ચલિત કરી શકી નહોતી.

ડો. ધર્મેન્દ્ર પંજાબ યુનિવર્સિટી (લાહોર)થી એમ.બી.બી.એસ.નો વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો હતો અને લંડન યુનિવર્સિટીથી બેક્ટરીયોલોજીમાં ડિપ્લોમા મેળવ્યો હતો. તેમણે મદદનીશ સંશોધન કાર્યકર તરીકે કાર્યની શરૂઆત આઈ.આર.ઈ.એ (IREA) કલકત્તાની ટ્રોપીકલ મેડીસીનની સ્કૂલથી કર્યો હતો. આ પછી તેઓ લેપ્રેસી વિભાગમાં મુખ્ય વડા તરીકે આગળ આવ્યા. ૧૯૫૫થી ૧૯૫૭ સુધી તેઓએ ભારત સરકાર દ્વારા સંચાલિત લેપ્રેસી નિયંત્રણ કાર્યક્રમ માટે તેમણે ડાયરેક્ટર તરીકે કામ કર્યું. આ પછી લેપ્રસી નિયંત્રણ તાલીમ અને સંશોધન કેન્દ્ર ચિંગલપેટ ખાતે ડાયરેક્ટર તરીકે સેવા બજાવી. તેઓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (W.H.O.)ની લેપ્રેસી બાબતે નિષ્ણાતોની સમિતિના સલાહકાર પેનલના સભ્ય હતા તથા ભારત સરકાર રચિત બીજી ઘણી સમિતિઓના સભ્ય હતા. ડો. ધર્મેન્દ્ર હિન્દ સલાહકાર પેનલના સભ્ય હતા. ડૉ. ધર્મેન્દ્ર હિન્દ કુષ્ઠ નિવારણ સંઘના સ્થાપક સભ્ય હતા તેથી તેની સંચાલક સમિતિમાં છેક શરૂઆતથી જ હતા. તેઓશ્રી ૧૯૮૮ સુધી ઈન્ડિયન જર્નલ ઓફ લેપ્રેસીના માનદ્-તંત્રી હતા. તેઓ કુશળ લેખક હોવા ઉપરાંત તેઓશ્રીએ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અસંખ્ય સાયન્ટીફીક પેપર્સ રજૂ કર્યા હતા અને જુદા જુદાં પુસ્તકો તથા જર્નલોમાં ઘણાં લેખ પ્રકાશિત કર્યા હતા. ૧૯૮૫માં દિલ્હી ખાતે ભરાયેલ ૧૨માં આંતરરાષ્ટ્રીય લેપ્રેસી કોંગ્રેસમાં ડો. ધર્મેન્દ્ર ચેરમેન પદે હતા.

ડો. ધર્મેન્દ્રને તેમની અદ્વિતિય કામગીરી બદલ ઘણા સન્માન મળ્યા. ૧૯૭૦માં ડેમિયન ડયુટ્ટન એવોર્ડ, ૧૯૭૭માં પદ્મશ્રી એવોર્ડ, ૧૯૭૭માં પ.ડ.નારાયણ એવોર્ડ અને ૧૯૮૬માં આંતરરાષ્ટ્રીય ગાંધી એવોર્ડ (લેપ્રેસી માટેનો) વગેરે બહુમાનથી તેમને નવાજવામાં આવ્યા હતા. માર્ચની ૧૯૯૧માં તેમનું અવસાન થયું. ભારતમાં કુષ્ઠરોગથી મુક્તિ માટે તેમની સેવાઓ અનન્ય રીતે ઝળહળતાં ઉદાહરણો છે. આપણા સૌ કાજે તેમણે જે કાંઈ કર્યું છે, તે માટે તેમને આપણા લાખ લાખ સલામ. કુષ્ઠરોગ મુક્ત ભારત અર્થે તેમણે આપેલા અજોડ ફાળા બદલ તેમની સ્મૃતિને સન્માનપૂર્વક બિરદાવતા ઈન્ડિયન લેપ્રસી ફાઉન્ડેશન પણ અગ્રગણ્ય મૂક પ્રશંસકોની યાદીમાં સામેલ થયું છે.

ડૉ. ધર્મેન્દ્રને આપણા સૌના કોટિ કોટિ વંદન

**અનુવાદ પ્રસ્તુત કર્તા : ડૉ. પિયુષકુમાર કે. શાહ (અમદાવાદ)**

## કુષ્ઠસેવાના આજીવન ભેખધારી ડો. જોશીસાહેબ

મહાત્મા ગાંધીજીને અતિપ્રિયકાર્ય એવા કુષ્ઠરોગીઓને સમર્પિત ડો. જી. વાય. જોશીસાહેબનું અવસાન ૨૪ નવે. ૧૯૭૭ના રોજ મહારાષ્ટ્રના ભંડારા મુકામે હૃદયરોગના હુમલાને કારણે થયું. ડો. જોશીસાહેબની કુષ્ઠરોગ અંગેની હેલ્થ એજ્યુકેશનની સેવાઓ મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં ખૂબ જાણીતી છે. 'ભારતદર્શન' નામના જાણીતા તેમના સ્લાઈડ-

શો અત્યંત લોકપ્રિય હતા. ગાંધી મેમોરિયલ લેપ્રેસી ફાઉન્ડેશન-વર્ધાને તેમની સેવાઓ દીર્ઘકાળ પર્યન્ત પ્રાપ્ત થઈ હતી. આવા સાચા ગાંધીવાદી કુષ્ઠસેવકની ચિરવિદાયથી આપણે સાચે જ રંક બન્યા છીએ. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રભુ પ્રાર્થના.- ગુ.ર.નિ.સે. સંઘ

ડૉ. ગોવિંદ, યશવંત જોશી તેમના આપ્તજનો અને નિકટના મિત્રોમાં 'નાના'ના હુલામણા નામથી જાણીતા હતા. ઘણા લોકો તેમને ડો. જી. વાય. જોશી તરીકે પણ ઓળખતા, તેમનો જન્મ તારીખ ૮-૩-૧૯૨૧ના રોજ મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લાના એરંડોલ ગામમાં થયો હતો. તેમણે પુણેમાં આયુર્વેદમાં વિજ્ઞાનનો અભ્યાસ કરી આયુર્વેદ વિદ્યા વિશારદની પદવી પ્રાપ્ત કરી હતી. તેમ છતાં સાચા ગાંધીવાદી તરીકે કુષ્ઠસેવાને જ પોતાનું જીવન અર્પણ કરવાના ઉદ્દેશથી વર્ધા નજીકના દત્તપુર કુષ્ઠધામમાં તેઓ તબીબી અધિકારી તરીકે જોડાયા.

દત્તપુર ખાતે ફરજ બજાવતા હતા ત્યારે જ તેઓએ ડો. શશિકલાબાઈ સાથે લગ્ન કર્યા. ડો. શશિકલાબાઈને તે સમયે પણ રક્તપિત્ત કાર્યમાં રસ હતો. ત્યારબાદ તેઓ ડોક્ટર રા.વિ. વાર્દેકરના સંપર્કમાં આવ્યા અને ૧૬-૧૧-૧૯૫૯ના રોજ તબીબી અધિકારી તરીકે ગાંધી મેમોરિયલ લેપ્રસી ફાઉન્ડેશન નામની સંસ્થામાં વર્ધા ખાતે જોડાયા. આ સમય દરમિયાન ડો. વાર્દેકર આ સંસ્થાના નિયામક હતા. સંસ્થાના સેવાગ્રામ ખાતેના રક્તપિત્ત નિયંત્રણ કાર્યક્રમમાં મોજણી, શિક્ષણ, સારવાર (S.E.T.) દ્વારા નિયંત્રણ કાર્ય કરનાર વિશ્વનું આ પહેલું એકમ હતું. જોશી સાહેબે ૭-૩-૧૯૮૧થી આ એકમમાંથી નિવૃત્ત થયા તેમ છતાં ૮-૩-૧૯૮૭ સુધી ગાંધી મેમોરિયલ લેપ્રસી ફાઉન્ડેશન, વર્ધા સેવાકાળ દરમિયાન મહારાષ્ટ્ર અને ગુજરાતના આયુર્વેદિક મહાવિદ્યાલયોમાં એમણે સંખ્યાબંધ રક્તપિત્ત-પ્રશિક્ષણ વર્ગોનું આયોજન કરી રક્તપિત્ત અંગેની સાચી હકીકતોથી લોકોને વાકેફ કર્યા. આ કામ એમણે દસ વર્ષ કર્યું. આ કામની સાથે જ દેશમાં સર્વત્ર ફરીને તબીબો સમક્ષ રક્તપિત્ત પર પ્રવચનો આપી રક્તપિત્ત-આરોગ્ય શિક્ષણનો વ્યાપક પ્રચાર કર્યો.

વર્ધા જિલ્લામાં સંયુક્ત રક્તપિત્ત પ્રયોજના (Co-ordinated leprosy Project) ચાલુ થયા બાદ તેના પર્યવેક્ષણની કામગીરી પણ જોશીસાહેબને સોંપવામાં આવી, જે તેમણે છ વર્ષ સુધી નિભાવી. આ યોજના રાજ્ય સરકારના વર્ધા જિલ્લામાંના તમામ રક્તપિત્ત એકમો અને સ્વૈચ્છિક સંસ્થાઓના એકમો તરફથી સંયુક્ત રીતે ચલાવવામાં આવતી હતી. જિલ્લાના તમામ વિવિધલક્ષી આયોજન કાર્યકરો (Basical Multi-purpose Health Workers) દ્વારા સમગ્ર વર્ધા જિલ્લામાં મોજણી (Survey) કરવામાં આવી.

'ભારત દર્શન'ના નામથી જાણીતા તેમના 'સ્લાઈડ શો' બહુ જ લોકપ્રિય હતા. રક્તપિત્ત ક્ષેત્રે આ તેમનું અનોખું, નાવિન્યપૂર્ણ પ્રદાન હતું. સ્લાઈડ શો દ્વારા તેમણે બહુ મોટા પાયા પર રક્તપિત્ત-આરોગ્ય-શિક્ષણ કર્યું. સામાન્ય લોકો અને તજજ્ઞોએ એ કાર્યક્રમની

મુક્તકંઠે પ્રશંસા કરી.

સેવાગ્રામ રક્તપિત્ત નિયંત્રણ એકમના વિસ્તારના દર્દીઓ અને લોકો સાથેનું તેમનું વર્તન અને વાતચીત એવા હતા કે દર્દીઓ અને લોકો તેમને પોતાના કુટુંબીજન ગણતા. લોકોનો એમનામાં એટલો બધો વિશ્વાસ હતો કે જુવાન સ્ત્રીઓ પણ તેમની પાસેથી પોતાના શરીર પરના શંકાજનક ચાઠાંઓની તપાસ વિનાસંકોચે કરાવતી. પ્રૌઢ-વૃદ્ધ સ્ત્રીઓને પણ જોશીસાહેબમાં અને તેમની સારવારમાં એટલી બધી શ્રદ્ધા અને વિશ્વાસ હતો કે કેવળ જોશીસાહેબના કહેવાથી રક્તપિત્તથી પીડાતી પોતાની વહુઓને ઘર બહાર કાઢવાને બદલે ઘરમાં જ રાખતી અને તેમની સારવાર જોશીસાહેબ પાસેથી કરાવતી કે તેઓ કહે તે મુજબ કરતી. દર્દીઓ એમને ભગવાન જ માનતા. આજે પણ દર્દીઓ તેમને પોતાના સલાહકાર તરીકે માને છે. ઘણા દર્દીઓને તેમણે ઘણી મદદ કરી. આ રીતે ૮૦ આ દાયકામાં રક્તપિત્ત દર્દીઓનું સમાજમાં પુનઃસ્થાપન કરનાર આદ્યપુરુષ (પ્રથમ વ્યક્તિ) હતા.

ગાયત્રી એવોર્ડ શરૂ કરવા તેમણે ગાંધી મેમોરિયલ લેપ્રસી ફાઉન્ડેશનને રૂપિયા એક લાખનું દાન આપ્યું. આ દાનના વ્યાજમાંથી દર વર્ષે એક શ્રેષ્ઠ ક્ષેત્રીય રક્તપિત્ત કાર્યકરને રૂપિયા દસ હજાર એવોર્ડ તરીકે આપવામાં આવે છે. રક્તપિત્ત ક્ષેત્રે આ એવોર્ડ બહુમાન તરીકે ગણવામાં આવે છે. આ ઉપરાંત માનવતાભર્યા કામો કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને તેમણે ઘણી આર્થિક મદદ કરી.

કમનસીબે સને ૧૯૮૦માં તેમને પેરાલીસીસ થયો. છતાં તેમનું મનોબળ અતૂટ રહ્યું. પોતાની ક્ષેત્રીય કામગીરી તેમણે ચાલુ જ રાખી. ત્યારબાદ પોતાના જમાઈ અને મોટી દીકરી પાસે રહેવા ભંડારા ગયા. જમાઈ અને દીકરી બંને ડોક્ટર છે અને ભંડારા ખાતે નર્સિંગ હોમ ચલાવે છે.

તા.૨૪ નવેમ્બર ૧૯૯૭ના રોજ ભંડારા ખાતે જ હૃદયરોગના હુમલાને કારણે તેઓ મૃત્યુ પામ્યા. મૃત્યુ સમયે તેમના નજીકના સગા હાજર હતા.

ઈશ્વર તેમના આત્માને શાંતિ આપો.

(ગાંધી મેમોરિયલ લેપ્રસી ફાઉન્ડેશન, વર્ધાના માનદ્ નિયામક ડૉ. વી. વી. ડોંગરેના શ્રદ્ધાંજલિ લેખ પરથી.)

ભાવાનુવાદ : ડૉ. વસન્ત પી. કાન્ત, (અમદાવાદ)

**“કુષ્ઠરોગ મટી શકે છે.”**

# એકલો જાને રે...

લોકોએ ગુસ્સે ભરાઈને પથ્થરો ફેંકવાનું શરૂ કર્યું હતું. પૂ. વિનોબાજીની પદયાત્રામાં ભૂદાનમાં મળેલી જમીન પર કોઈકે કુષ્ઠસેવા યજ્ઞ શરૂ કર્યો હતો. અને એના પર પુષ્પવૃષ્ટિને બદલે પથ્થરોનો વરસાદ વરસતો હતો. પરંતુ ના ! એ કાચી માટીનો માનવી ન હતો. પથ્થરનો જવાબ પુસ્તક (કુષ્ઠરોગની સાચી માહિતીથી પૂર્ણ)થી આપનાર ભડ પુરૂષ હતા. બિલિમોરના ડો. પોપટલાલ પટેલ. ૧૯૨૫માં એમ.બી.બી.એસ. થઈ મદ્રાસ, વેલોર, કોલંબો, લુધિયાણા, આગ્રા, જયપુર, બેંગ્લોર અને સુરતની મેડિકલ કોલેજમાં અધ્યાપક તરીકે સેવા બજાવી અનેક યુવાનોને સેવાધર્મની દિક્ષા આપી. ૧૯૫૯માં અમલસાડ નજીક કછોલીમાં કુષ્ઠસેવા કાર્યનો આરંભ કર્યો.

એમની પ્રેરણાથી 'નવસારી વિભાગ કુષ્ઠનિવારણ મંડળ'ને સુરતમાં 'રક્તપિત્ત સેવા સંઘ'ની સ્થાપના થઈ. પરંતુ કુદરતની ગતિ ન્યારી છે. ૧૯૫૭માં એક પુત્ર, ૭૨માં ડોક્ટર થયેલી પુત્રી અને ૭૯માં ૩૬ વર્ષનો જુવાન જોધ પુત્ર... ત્રણે સંતાનોના મૃત્યુનો કારમો આઘાત જીરવીને પણ ૮૦ વર્ષની જૈફ ઉંમરે યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિથી ડો. પોપટલાલ અને તેમની સહધર્મ-કર્મચારીણી પત્ની શ્રી ધનીબેન બિલિમોરામાં કુષ્ઠસેવા યજ્ઞ ચલાવી રહ્યા છે.

સાવ ગામડા ગામની ઢબના સાદા લીંપણવાળા મકાનમાં જૂના સંડાસ-બાથરૂમમાંથી આમતેમ ફેરફાર કરી ઓપરેશન થિયેટર બનાવીને કુષ્ઠરોગીઓના જ શ્રમ અને સહકારથી ચાલતું તેમનું કુષ્ઠસેવા કેન્દ્ર જોતાં માનવતાના પૂજારી ડો. આલ્બર્ટ સ્વાઈટ્ઝરની શાંત-સતત જલતી ધૂપસળી શી સેવા સૌરભની યાદ આવી જાય છે.

અદ્યતન સુખસગવડોવાળા ટીપટોપ ખર્ચાળ સેવા કેન્દ્રોથી દૂર-સુદુર પ્રસિદ્ધિના જગતથી નિરાળા કુષ્ઠસેવા સાધનાની દુર્ગમ કેડી પર એકાંકી ડગલા પાડતા આ અનાસક્ત દંપતિ, ગુરુદેવ ટાગોરની વિખ્યાત પંક્તિઓ 'તારી જો હાક સૂણી કોઈના આવે તો એકલો જાને રે... એકલો જાને રે...' ને ચરિતાર્થ કરી રહ્યા છે. ૨૭-૨૮ ઓક્ટો. '૭૯માં વડોદરા ખાતે ભરાયેલા દ્વિતીય ગુજરાત રક્તપિત્ત કાર્યકર અધિવેશનમાં ડો.પોપટલાલની સેવાઓને ઉચિત બિરદાવવામાં આવી અને તેમને સેવાપ્રતીક અર્પણ કરવામાં આવ્યું.

ડો. પોપટલાલ પટેલ અને તેમની પત્ની ધનીબહેનને અમારા લાખ લાખ વંદન !

સંકલન : સુરેશ સોની — સૌજન્ય : 'સુરભિ' આવૃત્તિ-૨૦૦૦

**"કુષ્ઠરોગ મટી શકે છે."**

# ઘરદીવડા : કુષ્ઠસેવક શ્રી સુતરીયાસાહેબ

## વિશેષ પરિચય

વર્ષો પહેલાં પૂ. ગાંધીજીએ દેશના વૈજ્ઞાનિકો, તબીબો અને સામાજિક કાર્યકરો સમક્ષ ટહેલ નાખેલી 'ગામડામાં જઈ કુષ્ઠસેવામાં ખૂંપી જવાની તમન્નાવાળા ફક્ત સો નિષ્ઠાવાન મૂકકાર્યકરો મને બતાવો...' તો થોડી જ મિનિટોમાં હું કુષ્ઠરોગ નિવારણ સંઘની રચના કરું.' દેશભરમાંથી આ પડકાર ઝીલી લેનારા ગણ્યાગાંઠ્યાં કાર્યકરોમાં મૂકસેવકશ્રી સુતરીયાસાહેબની ગણના થઈ શકે તેમ છે. જાતે રક્તપિત્તનો ભોગ બન્યા પછી સ્વપુરુષાર્થથી રોગ મુક્ત થયા તે પછી તો માનવજાતને ગળી જનાર અજગર જેવા રક્તપિત્તનો સામનો કરવા શ્રી સુતરીયાસાહેબે ભેખ લીધો.

૧૯૩૪માં શ્રી મુળજીભાઈ મણીલાલ વડોદરા એન્જી. કોલેજમાં અભ્યાસ કરતા હતા. રોગે તેમના શરીર પર દેખા દીધી. હાથની ટચલી આંગળી સ્હેજ વળવા લાગી. પંજો સુકાવા લાગ્યો. મુંબઈના ડૉક્ટરો પણ રોગનું નિદાન ન કરી શક્યા-છેવટે રોગ પારખ્યો-આણંદના સેવાભાવી મિશનરી ડો. કૂકે. રક્તપિત્ત ! કોલેજ છોડી. માનભર્યું મોટું કુટુંબ છોડી આફ્રિકામાં શિક્ષક તરીકે ગયા. ૧૯૩૭થી ૧૯૪૫ સુધી મિશનરીઓ જોડે રક્તપિત્તનું કાર્ય કર્યું. રોગની સારવારનું વહેવારું શિક્ષણ પણ મેળવી લીધું. રોગમુક્ત બન્યા પછી ભારતમાં પાછા ફરી વસોની હાઈસ્કુલમાં શિક્ષક તરીકે જોડાયા.

આ વર્ષો દરમ્યાન સુતરીયાસાહેબના જીવનમાં અનેક મુશ્કેલીઓ આશા-નિરાશાની ભરતી-ઓટ આવી. પરંતુ ભગવાનની અસીમકૃપાનો પરચો તેમના જીવનમાં થયેલો.

કુષ્ઠસેવાની અદમ્ય ઈચ્છાને કારણે દર્દી બની દર્દીઓની સેવામાં લાગી ગયા. સેવાભાવી ડો. પી. જે. ભટ્ટની સહાયથી વસોમાં તેઓ કુષ્ઠરોગીની સેવા-સારવારનું કામ કરતા.

૧૯૬૨થી વડોદરા સરસીયા તળાવ આગળ રક્તપિત્ત કોલોનીમાં દર શનિ-રવિ ૪૦ માઈલ દૂરથી ભાડું ખર્ચીને આવે. ગાંઠના પૈસે દર્દીઓને દવા-ઈંજે. આપે. નવું જીવન જીવવાનું બળ અને હિંમત આપે અને એ રીતે તેમણે દર્દીઓનો અખૂટ પ્રેમ સંપાદન કર્યો.

'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' એ એમનું જીવન સૂત્ર, ગાંધી વિચારોથી પૂરેપૂરા રંગાયેલા, સ્વેચ્છાએ બ્રહ્મચર્યવ્રત લીધું. બાપુનો સંદેશ - 'મને ભૂલજો', પરંતુ મારા રેંટિયાને ના ભૂલશો, તેમણે આત્મસાત કરેલો.

દૈનિક અર્ધો કલાક કાંતણ એ તેમના જીવનનો નિત્યક્રમ જાતે કાંતેલા સૂતરમાંથી બનાવેલા ખાદીની ચડ્ડી અને ખમીસ ઈસ્ત્રી વગરના પહેરે. રોજ એકવાર બાફેલું અન્ન અને સાંજે દૂધ-કેળા લે. રવિવારે મૌન. એથી જ વર્ષો પહેલાં વસો કેળવણી મંડળના પ્રમુખ સ્વ.આપાજી અમીને તેમને 'વસોના છોટાગાંધી' તરીકે બિરદાવેલા.

આવા એક પ્રેરણારૂપ કુષ્ઠસેવકની સેવાને સન્માનવાનું માન પ્રાપ્ત થયું - ૧૯૭૯માં વડોદરા મુકામે દ્વિતીય ગુજરાત રક્તપિત્ત કાર્યકર અધિવેશનને. ૫૦૦ કાર્યકરોની હાજરીમાં તેમની કુષ્ઠસેવાને બિરદાવવામાં આવી અને સેવાપ્રતીક અર્પણ કરવામાં આવ્યું. તે જ રીતે ૧૯૮૦-ફેબ્રુ.માં વડોદરાની 'સંસ્કાર પરિવાર' સંસ્થાએ તેમને 'સંસ્કાર' ઍવોર્ડ અર્પણ કર્યો. સાચે જ ગાંધીનું ગુજરાત તેના આવા ઘરદીવડાથી ઉજ્જવળ છે. કુષ્ઠરોગીઓની સેવામાં જીવન ઉજાળનાર મૂકસેવકશ્રી સુતરીયાસાહેબને અમારા અંતરના અભિનંદન !'

સંકલન : સુરેશ સોની (અવસાન : ૩૧-૩-૨૦૦૩)

સૌજન્ય : 'સુરભિ' આવૃત્તિ-૨૦૦૦

## પદ્મશ્રી ડો. કે. એમ. આચાર્ય

પદ્મશ્રી ડો. આચાર્ય સમગ્ર દેશમાં રક્તપિત્તના નિષ્ણાત તરીકે જાણીતા છે. રક્તપિત્તના દરદીઓની છેલ્લા ૪૦ વર્ષથી તેઓ નિઃસ્વાર્થ સેવા કરે છે. રક્તપિત્તના દર્દીને શોધી, સારવાર આપી, રોગમુક્ત કરવા સાથે રોગમુક્ત દર્દીઓનું પુનઃસ્થાપન કરી રહ્યા છે.

૧૭ સપ્ટેમ્બર ૧૯૪૯માં ગુજરાત રાજ્યના સાવરકુંડલામાં તેમનો જન્મ. ૧૯૭૨માં એમ.બી.બી.એસ.ની ડીગ્રી જામનગરની સરકારી તબીબી કોલેજમાં પ્રથમ ક્રમાંકે પાસ કરી. ૧૯૭૭માં એમ.ડી. (ચર્મરોગ અને કુષ્ઠરોગ)ની ડીગ્રી મેળવી એ સમયે સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં ૪૫૦૦૦ રક્તપિત્તના દર્દીઓ હતા. પરંતુ ડો.આચાર્યના નિષ્ઠાભર્યા પ્રયાસોથી ૨૦૧૪ સુધીમાં માત્ર ૯૦ દર્દીઓ જ બાકી રહ્યા છે. રક્તપિત્ત નિર્મૂલન માટે ડો. આચાર્યને ૧૨૦૦ નિદાન કેમ્પોમાં માનદ્ સેવા આપી છે. તેમણે ચાર લાખથી વધુ ચામડીના દર્દીઓની તપાસ કરી છે. રક્તપિત્તના દર્દીઓના ચહેરા-હાથ તથા પગની વિકૃતિ આવી હતી તેવા ૧૦૦૦ દર્દીઓની વિનામૂલ્યે પ્લાસ્ટીક સર્જરી, રક્તપિત્તના પગમાં ઘા-ચાંદા ન પડે તે માટે ખાસ પ્રકારના MCR બૂટ ૬૦૦૦ દર્દીઓને વિનામૂલ્યે આપવામાં આવ્યા છે. ડો. આચાર્ય સ્પષ્ટપણે માને છે કે રક્તપિત્તનો દર્દી પોતાના પરિવાર સાથે ઘરમાં જ રહેવો જોઈએ. તેઓશ્રી ૧૦૦૦૦ થી વધુ રોગમુક્ત દર્દીઓને તેમની ક્ષમતા-જરૂરીયાત મુજબ વિના મૂલ્યે રોજગારલક્ષી સાધનો આપી સ્વાવલંબી બનાવ્યાં છે. સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવાયા છે. કુષ્ઠરોગીઓના પુનઃસ્થાપન માટે ડો. આચાર્યને સમાજ તરફથી રૂા. ૬ કરોડ જેટલું ઉદાર આર્થિક અનુદાન મળતું રહ્યું છે. ડો. આચાર્યનું ગાંધીકાર્ય આજે પણ અવિરતપણે વહે છે.

ડો. આચાર્યના રક્તપિત્ત કાર્યનો પરિચય Asia's, Indo-American, Indo-European, Indo-Arab Who's Who, Distinguished Leadership, A Celebration of Global achievement માં પ્રકાશિત થયો છે.

રક્તપિત્તના દર્દીઓની નિઃસ્વાર્થ સેવા બદલ ડો. આચાર્યને ચીફ મિનિસ્ટર ઍવોર્ડ,

રાજ્યપાલ એવોર્ડ, અશોક ગોંધિયા એવોર્ડ, ઇન્ડિયન મેડિકલ એસોસિએશન એવોર્ડ, ઈન્ટરનેશનલ લાયસન્સ ક્લબ ગોલ્ડ રેકોર્ડ, ઈન્ટરનેશનલ લેપ્રસી એવોર્ડ, વિશ્વ ગુર્જરી એવોર્ડ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા ડી. લીટની માનદ્ ડીગ્રી તેમજ રક્તપિત્તના દર્દીઓની નિઃસ્વાર્થ સેવા બદલ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા વર્ષ ૨૦૧૪ પદ્મશ્રી ઍવોર્ડ એનાયત થયો છે.

ડૉ. આચાર્યના પિતાશ્રી સ્વ. મનસમુખભાઈ આચાર્ય પણ ચુસ્ત ગાંધીવાદી હતા. તેમના જીવનમાંથી પણ માનવ સેવાની પ્રેરણા તેમણે મેળવી છે. ડો. આચાર્ય માને છે કે તેઓનુ સન્માન રક્તપિત્તના દર્દીઓનું ગાંધી વિચારનું, ગાંધીકાર્યનું સન્માન છે.

સૌ : શિશુવિહાર, ભાવનગર

## આટલું તો અવશ્ય જાણીએ

કુટુંબમાં કુષ્ઠરોગનો દર્દી હોય કે ન હોય, કોઈને પણ કુષ્ઠરોગ ગમે ત્યારે થઈ શકે છે. આથી દરેકે આ રોગ વિશે આટલું તો અવશ્ય જાણવું જોઈએ -

કુષ્ઠરોગનો ચેપ હવા, પાણી કે ખોરાક દ્વારા ફેલાતો નથી. કુષ્ઠરોગના ચેપી પ્રકારના દર્દી સાથે જાણ્યે-અજાણ્યે થતા વારંવારના સ્પર્શ-સંબંધથી, સંસર્ગથી, ગાઢ સહવાસથી જ આ રોગનો ચેપ લાગે છે. સામાન્ય રીતે હાથપગની વિકૃતિઓવાળા દર્દીઓને જ સમાજ કુષ્ઠરોગના દર્દી તરીકે ઓળખે છે, પરંતુ આ પરિસ્થિતિ તો રોગ લાગુ પડ્યા પછી આશરે પાંચ-સાત વર્ષે થાય છે. આપણા સમાજમાં ઘણા કુષ્ઠરોગના દર્દીઓ રોગની પ્રાથમિક અવસ્થામાં હોય છે, પરંતુ શરૂઆતનાં ચિહ્નો નહિ જાણવાને જીવનવ્યવહારમાં સમાજ તેમની સાથે વારંવાર સ્પર્શસંબંધમાં આવે છે. પરિણામે વ્યક્તિને ગમે ત્યારે કુષ્ઠરોગનો ચેપ લાગી શકે છે. એટલે આ રોગથી બચવા દરેકે તેનાં શરૂઆતનાં ચિહ્નો જાણી લેવાં જોઈએ. એક પણ ચિહ્ન જણાય તો તરત જ ડોક્ટરની સલાહ લઈ નિયમિત સારવાર શરૂ કરી દેવી જોઈએ.

જે દર્દી સારવારની શરૂઆત કરવામાં વિલંબ કરે છે, તેમનો રોગ આગળ વધે છે અને સમય જતાં હાથ, પગ અને ચહેરા પર વિકૃતિઓ આવે છે, કામધંધો ગુમાવે છે. સમાજ તેમનો બહિષ્કાર કરતો હોવાથી આખરે ઘર છોડી તેણે ભિક્ષુક બનવું પડે છે.

સામાન્ય રીતે સમાજ ભિક્ષુક દર્દીઓ સાથે સીધા સ્પર્શ-સંબંધમાં આવતો નથી. આથી ભિક્ષુકોથી ચેપ લાગવાનો ભય ઓછો રહે છે. ચેપી પ્રકારના વણઓળખાયેલા દર્દીઓના જેટલો ચેપ ભિક્ષુકો ફેલાવતા નથી.

સમાજ કુષ્ઠરોગી તરફ તિરસ્કારનો ભાવ રાખે છે. આથી આ રોગી સમાજના ડરને

કારણએ રોગ છુપાવે છે. પરિણામે સમાજમાં રોગનો ફેલાવો થાય છે. આ રોગીઓ સારવાર કરાવવા તત્પર થાય એ માટે સમાજે એમના પ્રત્યે સદ્‌ભાવ-સમભાવ રાખવો જોઈએ. કુષ્ઠરોગનો દરેક દરદી સારવાર લે અને રોગમુક્ત બને તે સમાજના પણ હિતમાં છે.

એટલું નિશ્ચિત છે કે ચેપી હોય કે બિનચેપી, કુષ્ઠરોગીને સારવાર આપવી જોઈએ. એ રોગમુક્ત થઈ સમાજમાં સમરસ-એકરૂપ થઈ શકે છે. એ ચેપ ફેલાવ્યા વગર મુક્ત રીતે પુનઃ જીવન જીવવું શરૂ કરી શકે છે.

વ્યક્તિએ પોતે અને આપ્તજનોએ વર્ષમાં એકવાર ડૉક્ટરી તપાસ કરાવવી જોઈએ. જો કુષ્ઠરોગનું એક પણ ચિહ્ન જણાય તો તાત્કાલિક ઈલાજ શરૂ કરી દેવો જોઈએ. સ્વપ્રયત્ને સમયસર ભરેલું પગલું એ જ છે કુષ્ઠરોગથી બચવાનું પ્રથમ દ્વાર, બીજાની રાહ ન જુઓ.

- શાંતિલાલ ગઢિયા

## કુષ્ઠરોગનાં શરૂઆતનાં ચિહ્‌નો-લક્ષણો

૧. શરીરના કોઈ પણ ભાગ પર આછું - ઝાંખુ રતાશ પડતું ચાઠું

૨. ચાઠામાં બહેરાશ, પરસેવાનો અભાવ, રુંવાટીનો અભાવ

૩. કેટલાક ચેતાતંતુઓ જેવા કે રેડિયલ, મિડિયન, અલ્નર, લેટરલ, પોપલિટિયલ, પોસ્ટિરિયર, ટિબિયલ તેમાં સોજો આવે, જાડા થાય, દુખાવો થાય તથા તેને સંકળાયેલા સ્નાયુઓમાં અશક્તિ આવે કે ચામડીમાં બહેરાશ આવે.

ઉપરોક્ત લક્ષણો (૧,૨,૩) બિનચેપી પ્રકારના કુષ્ઠરોગનાં છે.

૪. ચામડી તૈલી, ચળકતી, લીસી થાય, પરસેવો વધારે થાય, ખાલી ચડી જવા જેવી ઝણઝણાટી થાય, કીડીઓ ચટકા ભરતી હોય એવું લાગે અથવા ચામડીના રંગ, બંધારણ અને કુમાશમાં ફેરફાર જણાય.

૫. ભ્રમરના વાળ પાછળના છેડેથી ખરવા લાગે.

૬. કાનની બુટ્ટી કે કિનારી જાડી થાય, પોચીપોચી થાય કે ગાંઠો જણાય.

ઉપરોક્ત લક્ષણો (૪,૫,૬) ચેપી પ્રકારના કુષ્ઠરોગનાં છે.

નીચેનું લક્ષણ બંને પ્રકારના કુષ્ઠરોગને લાગુ પડે છે -

૭. હાથપગમાં સંવેદનાનો અભાવ જણાય.

**"કુષ્ઠરોગ મટી શકે છે."**

# કુષ્ઠરોગ વિશે જાણવા જેવું

૧. કુષ્ઠરોગ મટી શકે છે.

૨. ચામડીના ગાઢ સંપર્કથી, હવાથી કે ડ્રોપ્લેટ ઈન્ફેક્શન - શ્વાસોચ્છ્વાસથી આ રોગ ફેલાય છે.

૩. કુષ્ઠરોગની અસરકારક દવાઓ ઉપલબ્ધ છે. કુષ્ઠરોગ સારવાર કેન્દ્રો, કુષ્ઠરોગ ઈસ્પિતાલો તથા ફરતાં કુષ્ઠરોગ સારવાર એકમો (મોબાઈલ લેપ્રસી ટ્રીટમેન્ટ યુનિટ) દ્વારા વિના મૂલ્યે સારવાર પૂરી પાડવામાં આવે છે.

૪. અન્ય ચેપી રોગોના પ્રમાણમાં કુષ્ઠરોગ સૌથી ઓછો ચેપી છે. તેમજ કુષ્ઠરોગના બધા જ દર્દીઓ ચેપી હોતા નથી. માત્ર વીસથી પચીસ ટકા જ ચેપી હોય છે. જ્યારે બાકીના બિનચેપી પ્રકારના હોય છે. વળી ભારતના નાગરિકની સરેરાશ પ્રતિકારશક્તિ સારી હોવાથી ચેપી પ્રકારના દર્દીઓથી ૧૦૦ જણને ચેપ લાગવા છતાં ફક્ત ૪ (ચાર) જણને રોગ થઈ શકે છે.

૫. હજુ સુધી આ રોગ સામેના રક્ષણ માટે કોઈ રસી શોધાઈ નથી.

૬. કુષ્ઠરોગ પાપ કે દૈવી શાપનું પરિણામ નથી. પરંતુ લેપ્રા બેસીલસ / માઈક્રોબેક્ટેરિયમ લેપ્રી જંતુથી થાય છે અને તે ચામડી તથા જ્ઞાનતંતુઓ પર અસર કરે છે.

૭. કુષ્ઠરોગ વારસાગત નથી જ.

૮. શરીરના કોઈપણ ભાગ ઉપર ઝાંખું કે રતાશ પડતું ચાઠું દેખાય, તેના પરથી વાળ - રૂંવાટી ખરવા લાગે, પરસેવો આવતો બંધ થઈ જાય અને તેના પર બહેરાશ આવી જાય અને તેના પર બહેરાશ આવી જાય તો કદાચ એ બિનચેપી પ્રકારના કુષ્ઠરોગની શરૂઆત હોઈ શકે.

૯. ચામડી ચળકાટ મારે, શરીરના કોઈપણ ભાગ પર નાની નાની ગાંઠો નીકળે, લીસાં, સુંવાળાં, ચળકતાં, આછા રંગનાં કે રતાશ પડતાં અનેક ધાબાં પડે, કાનની કિનારી જાડી થાય, આંખના ભ્રમરના વાળ ખરવા લાગે તો કદાચ એ ચેપી પ્રકારના કુષ્ઠરોગની શરૂઆત હોઈ શકે.

૧૦. ભિક્ષુક દર્દીઓ દ્વારા આ રોગનો ફેલાવો ભાગ્યે જ થાય છે. સમાજના અણઓળખાયેલા ચેપી પ્રકારના દર્દીઓના સહવાસથી કુષ્ઠરોગનો ફેલાવો થાય છે.

૧૧. કુષ્ઠરોગ લાગુ પડ્યા પછી તેની બિલકુલ સારવાર કરવામાં ન આવે તો ભવિષ્યમાં વિકૃતિ આવે છે. વિકૃતિ આવતી અટકાવવા માટે રોગનું વેળાસર નિદાન થયા પછી તરત જ નિયમિત સારવાર ચાલુ કરી દેવી જોઈએ.

૧૨. કુષ્ઠરોગ અમીર - ગરીબ કોઈ પણ વ્યક્તિને, કોઈપણ ઉંમરે થઈ શકે છે.

૧૩. શરીરના કોઈપણ ભાગ ઉપર સ્પર્શ શૂન્ય ચાંઠાં દેખાય, જ્ઞાનતંતુઓ સૂઝી જાય, હાથપગમાં કીડીઓ કરડવા જેવી ઝળઝણાટી થાય તો તરત જ નજીકના કુષ્ઠરોગ નિયંત્રણ એકમ અથવા નજીકની સરકારી જનરલ હોસ્પીટલના ચામડીના વિભાગ વોર્ડ -૧નો સંપર્ક સાધી તપાસ કરાવવી જોઈએ.

૧૪. કુષ્ઠરોગની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી. ઘેર બેઠાં સારવાર થઈ શકે છે.

૧૫. કુષ્ઠરોગની કોઈ પણ તબક્કે મટાડી શકાય છે.

૧૬. કુષ્ઠરોગીને જરૂર છે,

**સમભાવની, દયાની નહિ,**
**યોગ્ય તકની, ભીખની નહિ,**
**રોજગારીની, રોટીદાનની નહિ.**

તેઓ સમાજનું જ અંગ છે, તેથી તેમનો તિરસ્કાર ન કરતાં સમાજનું અંગ બની રહે તેવો આપણો વ્યવહાર હોવો જોઈએ.

**મલ્ટી ડ્રગ થેરાપી (MDT-બહુ ઔષધીય સારવાર) થી ૬ થી ૧૨ મહિનામાં સંપૂર્ણ મટી શકે છે.**

•

## રોશની (વાર્તા)

**ઈલા શાહ** (ખંભાત)

આજે બેલાબેનની બેસુમાર બેચેનીએ તેમને બેબસ બનાવી દીધાં. બેલાબેનના પતિ લોપેશભાઈને પરલોકધામ પહોંચ્યાને માંડ ચારેક માસ પસાર થયા હતા. તે દરમિયાન તો પુત્ર વર્તુળમાં ગુસપુસની ગોસીપ શરૂ થઈ ગઈ હતી.

તપન, મનન અને નમન એમ ત્રણ પુત્રો અને નેહા, માધવી તથા નીપા ત્રણ પુત્રવધુથી ભર્યોભાદર્યો બેલાબેનનો સંસાર મહેલ કકડભૂસ કરતો તૂટી પડશે તેવી ચહલ-પહલ ચાલી રહી હતી. મા તરીકે સારી તંદુરસ્તી સાથે ઘરની તમામ વ્યક્તિઓની સાર સંભાળ રાખતા ને સૌ સાથે હળીમળીને આનંદથી રહેતાં હતાં. તેથી જ સૌને પ્રિય અને રાખવા પરવડે તેવા હતાં.

પણ હવે ? હવે નાદુરસ્ત તબિયતને કારણે નર્વસ થઈ ગયા હતા. પતિની હૂંફાળી હૂંફ વિના જાણે કરમાઈ ગયા. હજું તો આ કારમો ઘા કાળજે કોરાયેલો હતો ત્યાં જ ડૉક્ટર દ્વારા

નિદાન કરાયું તો જાણવા મળ્યું કે તેઓને કુષ્ઠરોગ (રક્તપિત્ત) લાગુ પડ્યો છે. શરીર પર લાલ ચાઠાં દેખાવા લાગ્યા અને હાથ-પગ પર સેન્સ ઓછી થવા લાગી. રક્તપિત્ત યાને કુષ્ઠરોગ તો મહા ભયંકર ચેપી રોગ છે તેવી દઢ માન્યતા પુત્રોમાં હોવાથી હવે બાને ક્યાં, કેવી રીતે રાખવા તેની ચણભણ શરૂ થઈ હતી.

મમતાળુ માતા બેલાબેનને ક્યાં ખબર હતી કે રોગગ્રસ્ત અવસ્થામાં ઘરની જ પોતાની વ્યક્તિઓ જ તરછોડી દેશે. પતિ લોપેશભાઈને પોતાના પુત્રમાં પૂર્ણ વિશ્વાસ હતો તેથી મિલકતની વહેંચણી કરી દીધી હતી. માતાને આ ભૂલ હવે સમજાઈ પણ શું કરે ?

દીકરી ન હોવાનો મોટો અફસોસ મૂંઝવણ આપતો હતો. જીવન સંધ્યાની આરે પહોંચેલા મા-બાપને પુત્રો વૃદ્ધાશ્રમ તરફ આંગળી ચીંધે છે. જ્યારે દીકરી દવાખાને દોરી જાય છે. બેટી બચાવો અભિયાનમાં બાની મૂક સંમિત હતી. દીકરી હોય તો તેના ઘરે રહેવા લઈ જાત. હવે દુ:ખી થવાથી શો ફાયદો ? દ્વિધા અનુભવી રહેલું અને વિધવિધ વિમાસણોમાં વળોટાયેલું મન પ્રભુદ્વારે પહોંચ્યું. કાંઈક રસ્તો જરૂર મળશે તેવા જીવવાનાં નવા બળ સાથે બા જરા આડા પડખે થયા, પણ મીઠી નિંદર કેવી રીતે માણે ? બાના કાને તિરછી વાણીના શાબ્દિક પ્રહારો તીરની જેમ ભોંકાતા હતા.

મોટો પુત્ર તપન બોલ્યો, ‘હું તો પરદેશ જાઉં છું તેથી પૈસા સિવાય કાંઈ મદદ નહીં કરાય. ચેપી રોગને કારણે બાને કોઈ કુષ્ઠરોગની હોસ્પિટલમાં ભરતી કરવા જોઈએ.’

ત્યાં તો બીજો પુત્ર મનન મોટેથી બોલ્યો, ‘હું નવા ફ્લેટમાં જઈશ. ત્યાં રોગીષ્ટ બાને કઈ રીતે રખાય ? ચાકરી કોણ કરશે ?’ ત્રીજો પુત્ર નમન શું કામ બાકી રહે. એકદમ તાડુક્યો, ‘બા બધાંયની છે, મારા એકલાની નથી, હું શું કરું ? કુષ્ઠરોગની સારવાર આપતા આશ્રમમાં મૂકી આવો.’

‘અરેરે ! આવું ન બોલો. હું ચાકરી કરીશ. તેમને આ અવસ્થામાં પ્રેમ અને હૂંફની જરૂર હોય. સહાયરૂપ થઈ સાંત્વન આપવું જોઈએ. આપણને આ ના શોભે’ ત્રીજા પુત્ર નમનની વહુ નીપાના આ શબ્દો હતા. બાને થયું કોઈકમાં રામ વસ્યો, પણ ત્યાં તો ‘હાય, હાય, જોજે આવું ના વિચારતી. જવાબદારી બંધાંયની છે. તને ચેપ લાગશે તો શું કરીશ ?’ નમને પોતાની મા હોવા છતાં ઘસીને ના પાડી દીધી.

પોતાના માટેની આવી વ્યવસ્થાની બોલચાલ અને હિલચાલ જોઈ, સાંભળીને બેલાબેન હતપ્રભ થઈ ગયાં. તેઓની આંખે આંસુનાં તોરણ બંધાયા, પરંતુ આશાવાદી બેલાબેને ‘નિજેચ્છાત્ કરિષ્યતિ’ તે મુજબ ઇશ્વરનું ધાર્યું થશે તેવું માની લીધું અને અપલક નયને પિક્ચરનાં શોની જેમ સઘળું નિહાળી રહ્યા, ને મનમાં પ્રભુ સ્મરણ કરવા લાગ્યા. ત્યાં તો

થોડીક ક્ષણોમાં ડોરબેલ રણકી...

દરવાજો ખોલતાં જ મધુર ટહુકો સંભળાયો, 'બેલાબેનનું ઘર આ જ છે ?'

'હા, આપ કોણ ?'

'હું રોશની, બેલાબેનને મળવા માંગું છું તો મળશે ?' દરવાજા બહાર ઊભેલી એક યુવતીનો આ અવાજ હતો.

'હા, આવો' કહીને દીકરો તપન બા પાસે લઈ ગયો. ખુરશીમાં ગોઠવાતા તે બોલી - 'અરે બા, જયશ્રી કૃષ્ણ, આપની શૈશવની સાહેલી રાધાબેનની દીકરી રોશની છું. બાળપણમાં જ મારા પપ્પાએ જીવનલીલા સંકેલી લીધી હતી. અમારી પરિસ્થિતિ શિક્ષણ અપાવે તેવી નહોતી. હું સ્કૂલના ઓટલે બેસી રડતી હતી તે સમયે તમે પસાર થયાં હતાં. મને સાંત્વન આપી સ્કૂલ ફી હાથમાં મૂકી જતા રહેલા. સમયાંતરે મારે ડોક્ટર થવું હતું. મારી મા કાળી મજૂરી કરતી હતી. પણ ડૉક્ટર બનાવવા માટેનો તમામ ખર્ચ તમે ઉપાડેલો. કારણ તમારે દીકરી નહોતી. પ્રોત્સાહનનું પાણી આપે જ પીવડાવેલું. ડૉક્ટર થયા પછી હું આપનું ઋણ અદા કરીશ તેમ મેં નક્કી કરેલું, અને આજે એટલે જ આવી છું.'

બેલાબેન એકધાર્યુ સાંભળી રહ્યાં. પોતે કરેલા પરોપકારને વિસરી ગયેલાં. દીકરી સમાન આ રોશનીને જોઈ તેમની આંખોમાં ચમક આવી, 'બેટા, તું ડૉક્ટર થઈ તેનો મને આનંદ છે. મારા આશીર્વાદ છે, પરંતુ મને કાંઈ યાદ નથી.'

'બા, હું આવા અનેરા ઉપકારને ઓગળી જવા દઉં કે ભૂલી જાઉં ? મારું સોનેરી શમણું સાકાર થઈ રહ્યું છે તે જોવા મારી મા રાધાબહેન આ દુનિયામાં નથી. એટલે જ હું તમને લેવા માટે આવી છું. હું **'કુષ્ઠરોગ નિવારણ'**ની ડૉક્ટર બની છું અને કાલે જ મારા ક્લિનિકનું ઉદ્‌ઘાટન છે જે હું આપના હાથે જ કરાવવા માંગુ છું. ત્યારબાદ તમારે મારી સાથે જ રહેવાનું છે. આપના દીકરા-વહુની સંમતિ હું મેળવી લઈશ, બોલો કબૂલ છે ને ? રોશનીએ પોતાની કથની કહી સંભળાવી.

'હેં ? શું વાત કરો છો ? ચિંતા ન કરો, હું જ દિકરી થઈને સારવાર કરીશ. **એમ.ડી.ટી.નામની દવાની ઔષધીય સારવારથી હવે તો કુષ્ઠરોગ મટી શકે છે. તે હવે ચેપીરોગ નથી રહ્યો.** માટે હવે વિના સંકોચે મારી સાથે ચાલો.'

રોશનીએ બાના અંતરપટ પર રોશની પાથરી દીધી. પોતાના જ જ્યારે તરછોડે અને પારકાં પ્યારા સ્વજન બની સ્વીકારી લે ત્યારે જીવનમાં મેઘધનુષનાં નૂતન રંગોનું સર્જન થાય છે. બાના જીવનમાં તેવું જ બન્યું. પોતાનો પ્યારો પરિવાર છોડતાં બાનું હૃદય દ્રવી ઊઠ્યું. આખરે મા જ ને ! પરંતુ પ્રત્યેકના મુખ પર વિદાય માટેના સંમતિસૂચક ભાવો વંચાતા હતા. ન કોઈએ રોક્યા કે ટોક્યા, ન આંસુની ધાર, કેટલું બેહુદું વતન પ્યારી મા માટે...

રોશનીએ તો તુરંત જ ટેકણલાકડી બનીને હાથ પકડી લીધો. દરવાજા પાસે ઊભેલી પોતાની કાર (ગાડી)માં બેસાડી લઈ ચાલી.

સૌજન્ય : મુંબઈ સમાચાર

•

## વાતને વડલેથી

**- શાંતિલાલ ગઢિયા**

અંબુભાઈ : કેટલાં વરસે મળવાનું થયું, શામજીભાઈ ! જીવન હવે દોડધામવાળું બની ગયું છે. વખત હોવા છતાં વખત હોતો નથી.

શામજીભાઈ : સાચી વાત છે. તમારી આવી ફરિયાદ હોય તો મારી કેવી હાલત હશે આખા ગામની જવાબદારી વચ્ચે !

અંબુભાઈ : હા ભાઈ, તમે તો સરપંચ. કેટલાંય કામ હાથ ધરવાનાં અને કેટલાક પ્રશ્નો ઉકેલવાનાં. ખાસ તો હરખ એ વાતનો છે કે આ વરસે તમામ ગામને જિલ્લામાં શ્રેષ્ઠ ગામનું બિરુદ મળ્યું.

શામજીભાઈ : અંબુભાઈ, તમે જાણો છો કે ગામના પ્રવેશદ્વાર પર લોકકલાને લગતાં થોડાં ચિત્રો છે. જમણી તરફ એક ખૂણામાં પચીસ મહિલાઓના ફોટા છે. દરેક ફોટાની બાજુમાં જેતે મહિલાના હાથના થાપા છે. તેઓ લગ્ન કરીને હાલ એમના સાસરે છે.

અંબુભાઈ : હા મેં જોયું, પણ આવું કરવાની શી જરૂર છે, શામજીભાઈ ?

શામજીભાઈ : અરે, આ મહિલાઓને લીધે તો ગામને પહેલું સ્થાન મળ્યું. એમણે ઘણા રચનાત્મક કાર્યો કર્યા. જેમ કે, કન્યા કેળવણી, રૂઢિ-રિવાજોની નાબૂદી, પર્યાવરણ સુરક્ષા, અંધશ્રદ્ધામાંથી મુક્તિ અને રક્તપિત્ત નિર્મૂલન.

અંબુભાઈ : પહેલાં ચાર તો સમજ્યા, પણ પાંચમું જરા નવાઈ પમાડે તેવું છે.

શામજીભાઈ : તમને એકલાને નહિ, બધાને નવાઈ લાગે છે, અંબુભાઈ, આ કામનો જશ મીનાબેનને જાય છે. એમણે બહુ સંઘર્ષ કર્યો. બહુ સહન કરવું પડ્યું. એમને પોતાને રક્તપિત્ત હતો. પ્રવેશદ્વાર પર ચોવીસ બહેનોના ફોટા મૂકવાની વાત બધાએ સ્વીકારી પણ પચીસમાની વાત આવી ત્યારે કેટલાયની ભ્રૂકુટિ ખેંચાઈ, મીનાબેનનો ફોટો ના જોઈએ. એમના થાપા ય નહિં.

અંબુભાઈ : એવું કેમ ભલા ?

શામજીભાઈ : મીનાબેન ઉપર રક્તપિત્તની કાપલી લાગી ગઈ એ કારણ. મેં બહુ સમજાવ્યા લોકોને કે એક સમયે મીનાબેનને રોગ હતો તેથી શું થઈ ગયું ? અત્યારે તેઓ રોગમુક્ત છે. પતિએ અને સાસરિયાએ એમને ગૃહલક્ષ્મી તરીકે સ્વીકાર્યાં છે અને આપણે આપણી જ દીકરીને જાકારો આપીશું ?

અંબુભાઈ : એ બહેનને દુઃખ થયું હશે આ વાત જાણીને.

શામજીભાઈ : અડગ મનવાળાએ દુઃખ શું ને સુખ શું ! મીનાબેનને ઊંડે ઊંડે વિશ્વાસ હતો કે એક સમયે કાળું વાદળ હટશે જ. ગામના સમજુ અગ્રણી લોકોને મેં આ રોગ વિષે માહિતી આપી. એમણે શાંતિથી બાકીનાને સમજાવી વિશ્વાસમાં લીધા. મારે એટલુ જ કહેવાનું હતું કે રક્તપિત્તને પાપ-શાપ કે પૂર્વજન્મના કર્મ સાથે કોઈ સંબંધ નથી. એ જંતુજન્ય રોગ છે, જે વહેલાસરના નિદાનથી અને નિયમિત સારવારથી મટી જતો હોય છે. બીજું, આધુનિક મલ્ટીડ્રગ સારવારથી ઓછા સમયમાં રોગ કાબૂમાં આવી જાય છે. ત્રીજું, રક્તપિત્ત બધા ચેપી રોગોમાં સૌથી હળવો છે, કારણ કે આ રોગના ફક્ત વીસ ટકા ચેપી હોય છે, બાકીના બિનચેપી.

અંબુભાઈ : તમારી સમજાવટ અને તર્કની ધારી અસર થઈ હશે.

શામજીભાઈ : વધારે ઊંડી અસર તો ત્યારે થઈ, જ્યારે મેં મીનાબેને આદરેલા ઉમદા કાર્યની જિકર કરી. મીનાબેન પોતે તો રોગમુક્ત થયા જ વળી પોતે રક્તપિત્ત-નિર્મૂલન પ્રવૃત્તિને યથાશક્તિ સહયોગ આપવાનો સંકલ્પ કર્યો. તાલુકા અને જિલ્લા સ્તરે તેઓ સ્વૈચ્છિક સેવા આપી રહ્યા છે. આખરે લોકોની ખોટી માન્યતાઓ અને ભ્રમો દૂર થયાં. તેમણે સહર્ષ મીનાબેનનો ફોટો અને થાપાનું ચિહ્ન મૂકવાની સંમિત આપી. અંબુભાઈ, જિલ્લા કલેક્ટર પોતે આ ગામની મુલાકાતથી પ્રભાવિત થયા હતા. એમણે મીનાબેનું સન્માન કર્યુ ત્યારે મીનાબેન ગદ્ગદ થઈ ગયા હતા.

અંબુભાઈ : ધન્ય છે ગામની આ બહેનો અને વિશેષ તો મીનાબેન. એમને મારા વંદન.

•

કુષ્ઠરોગી પુનઃ નિરામય સ્થિતિ પ્રાપ્ત કરે એવી શ્રેયસ્કર ભાવના વ્યક્ત કરતું આ પ્રતીક-ચિહ્ન વિશ્વના તમામ દેશોએ સ્વીકાર્યું છે.

ઊજળા સૂર્યોદયમાં ખીલેલાં ફૂલ જેવું જીવન પણ વિકસિત હોય એવો સંદેશ આપે છે આ ચિત્ર.

# નવલકથા 'અણસાર'

દિલ્હીની સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત નવલકથા 'અણસાર'ના લેખિકા વર્ષા અડાલજાથી સાહિત્યરસિક વાચકો સુપરિચિત છે. એવોર્ડમાં રૂ. ૨૫,૦૦૦/- અને તામ્રપત્ર એનાયત કરવામાં આવે છે.

કુષ્ઠરોગની મનોવ્યથાને આલેખતી ૧૯૯૨માં પ્રગટ થયેલી 'અણસાર' જેવી નવલકથા ગુજરાતી ભાષામાં વારંવાર વાંચતા મળતી નથી. ગુજરાતી ભાષાના મોટાભાગના લેખકો શહેર કે ગામડાના મધ્યમ કે ઉપલા વર્ગમાંથી આવે છે. એટલે તેમના અનુભવ જગતનો વ્યાપ મોટે ભાગે મર્યાદિત હોય છે. જિવાતા જીવનનો અનેક જુદા જુદા બિંદુએ થતો સ્પર્શ ક્યારેક દઝાડે તો ક્યારેક ઠારી નાખે તેવો હોય છે જે ગુજરાતી ભાષાની નવલકથામાં ઓછો જોવા મળે છે. સર્જનાત્મકતા અંગે હજી લેખકો રોમેન્ટિક ખ્યાલમાં રાચે છે.

'અણસાર'માં રક્તપિત્તના રોગીઓની જિંદગી તેની બધી વિષયમતા, દારૂણ અસહાયતા અને કરૂણતા સાથે અત્યંત અસરકારક રીતે રજૂ થઈ છે. કથા વાંચતી વખતે આંખમાં આંસુ પણ ભાગ્યે જ ટકી શકે છે. આંખમાંથી તે બહાર આવે તે પહેલાં જ વરાળ થઈ ઊડી જાય એવી દાહકતા આ કથાની સૃષ્ટિમાં છે. નવલકથા વાંચી લીધા પછી પણ ક્યાંય સુધી મન ચર્ચા કરે છે, વલખતું રહે છે.

'અણસાર'ની નાયિકા રૂપા કુષ્ઠરોગી બન્યા પછી જીવનના અનેક વિષમ અનુભવોમાંથી પસાર થાય છે. કથા કોઈ સ્ત્રીની વ્યથાની નહીં પરંતુ આખા સમૂહની વ્યથાની સાચૂકલી વાત છે. રૂપાની વેદના નીચેના શબ્દોમાં વ્યક્ત થાય છે.

'આ વિશાળ ભૂરા ઘુમ્મટ પેલે પાર જો કોઈ ઈશ્વર હોય તો એની એંધાણી મને કેમ મળતી નથી ? એક નાની શી એંધાણી, અછડતો અણસાર કે ઈશ્વર હજી છે... શા માટે આ વેદના અને આ એકલતા ? પૃથ્વી પર આ પીડા, દર્દો શા માટે ? શા માટે ઈશ્વરનો માનવજાતને આ અભિશાપ ? શા માટે ? બોલો, બોલો...' અને જવાબ મળે છે રક્તપિત્તના રોગીઓની નિઃસ્વાર્થ ભાવે સેવા કરતા સુધાબહેનના પાત્ર દ્વારા – 'આવો પ્રશ્ન થવો એ ઈશ્વરની શોધના આરંભનો શુભસંકેત છે. તારા પોતાના માટે વહાવેલાં આંસુ એના ચરણમાં અંજલિરૂપે ઢોળી દે, રૂપા. તારી વેદનાને અસ્થિકુંભ વહાવી દે નદીના પવિત્ર જળમાં. જ્યારે તું સંપૂર્ણ વિખરાઈ જઈશ ત્યારે અસ્તિત્વમાં આવીશ અને ત્યારે તારી પાસે કોઈ જ દુઃખ નહિ રહે.'

છેલ્લાં ત્રીસ-પાંત્રીસ વર્ષમાં ગુજરાતી સાહિત્યમાં પ્રયોગશીલતા, રૂપરચના, ભાષાકર્મ વગેરેને નામે જે લોલમાં લોલ ચાલ્યું તેણે વચમાં થોડો વખત ગુજરાતી નવલકથાને ગૂંગળાવી નાખી વાચકોને તેનાથી વિમુખ કરી મૂકી હતી. એ સ્થિતિમાંથી હવે ગુજરાતી નવલકથા બહાર આવી છે. સાચુકલા જીવનનો ધિંગો અનુભવ લેખક પાસે નહીં હોય તો આકૃતિ કે ભાષાના લટકામટકાથી વાચકો લોભાવાના નથી.

જીવાતા જીવનનો અણસાર આપતી આવી નવલકથાનું સ્થાન સાહિત્યના ઈતિહાસમાં હોય કે ન હોય, વાચકોના હૃદયમાં તો હોય જ છે. આજે સાહિત્ય અકાદમી પુરસ્કાર મેળવનારી નવલકથા તરીકે 'અણસાર' વાચકોના હૃદય ઉપરાંત સાહિત્યના ઈતિહાસમાં સ્થાન પામી છે ત્યારે સવિશેષ આનંદ થાય છે. વર્ષાબહેનને અમારા શતશત વંદન અને અભિવાદન.

(સંકલન : સૌરભ) દિપક મહેતા : (જનસત્તા, તા. ૧૭-૧૨-૯૫)

## માનવી ખંડિયેરો - નવલકથા

અમેરિકા અને સ્પેન વચ્ચેના યુદ્ધમાં અમેરિકાએ સ્પેનને હરાવ્યું. તેથી ફિલિપાઈન્સ ટાપુઓ, જેના પર સ્પેનની સત્તા હતી, તે હવે અમેરિકાએ કબજે કર્યા. આ યુદ્ધમાં નેડ લેન્ગફર્ડ નામનો અમેરિકન સૈનિક હતો. તે આ નવલકથાનું મુખ્ય પાત્ર છે. સ્વદેશ પાછા ફર્યા બાદ ઘણા વર્ષે નેડને કુષ્ઠરોગ લાગુ પડ્યો. એક યુદ્ધ ધરતી પર ખેલાયું, બીજુ રોગ સાથે હતું. નેડ હિંમત હાર્યા વગર ઝઝૂમ્યો અને વિજયી નીવડયો. રસપ્રદ બાબત એ છે કે અમેરિકન લેપ્રસી ફાઉન્ડેશન પ્રમુખ પેરી બરજેસ, જેઓ આ પુસ્તકના લેખક પણ છે, નેડને સારી રીતે ઓળખતા હતા. નેડના જીવનસંઘર્ષને લેખકશ્રી 'માનવજાતિની અદ્ભુત વીરગાથા' ગણાવે છે.

મૂળ અંગ્રેજી કૃતિ walk Alone માં લેખક કહે છે - 'ભાઈ નેડની સ્મૃતિને આ પુસ્તક અર્પણ કરીને એવા તમામ લોકોને પણ અર્પણ કરું છું, જેઓ એકલે હાથે અને મૂંગે મોઢે અત્યંત કરૂણાજનક સંગ્રામોમાં લડાઈ ચલાવી ગયા છે અથવા ચલાવી રહ્યા છે.'

અંગ્રેજીમાંથી અનુવાદ કર્યો છે કાકા કાલેલકર અને કિશોરલાલ મશરૂવાળાએ. અનુવાદનું કાર્ય સીવની જેલમાં (૧૯૪૪) થયું એ પણ કેવી વિરલ ઘટના !

## જીવન એક સંગ્રામ - નવલકથા, પ્રકાશિત ૧૯૯૭

પુ.ભી. શાહ (પાટણ)ની આ નવલકથા પણ સત્યકથા છે. તેમાં આદિવાસી ભીલ કન્યાનું પાત્રાલેખન હૃદયસ્પર્શી છે. રેવતીના પિતા અને ભાઈ ભૂખમરાથી મરણ પામ્યા હતા. માને કુષ્ઠરોગ છે. રેવતી મજૂરી કરીને ગુજરાન ચલાવતી. નર્મદાકિનારે આવેલા તિલકવાડામાં એણે પ્રાથમિક શિક્ષણ લીધું, પછી અમદાવાદ આવી ડોક્ટરના દવાખાનામાં સફાઈ કર્મચારી તરીકે નોકરી લીધી. દાક્તરી અભ્યાસ કરી RMP થઈ. વતનમાં આવીને માતાની સારવાર કરી, માતાનો કુષ્ઠરોગ મટી ગયો.

રેવતીની કીર્તિ ચોપાસ ફેલાવા લાગી. કુષ્ઠરોગના દર્દીઓ સારવાર માટે રેવતી પાસે આવતા. રેવતીએ દવાખાનું શરૂ કર્યું. દર્દીઓને રહેવા માટે ઘરો બંધાવ્યા. આમ એણે પોતાનું જીવન કુષ્ઠરોગીઓની સેવામાં સમર્પિત કરી દીધું. નવલકથા કેવળ શાબ્દિક નિરૂપણ નથી, પરંતુ તેમાં જીવંત ચિત્રાત્મકતા છે. કથામાં પાત્રો વાચકની સામે સ્પષ્ટતઃ તાદશ થાય છે. આશ્ચર્ય થાય છે કે લેખકે આ નવલકથા ૮૫ વર્ષની ઉંમરે લખી હતી.

## પરમાનંદ માધવમ્ - જીવનચરિત્ર

શ્રી સદાશિવ ગોવિંદ કાત્રે (૧૯૦૧-૧૯૭૭), જેઓ ભારતીય કુષ્ઠનિવારક સંઘના આદ્યસ્થાપક હતા, તેમનું જીવનવૃત્તાંત લેખક સુનિલ કિરવઈએ હિન્દી ભાષામાં આપ્યું છે. કાત્રેજીને પોતાને કુષ્ઠરોગ થયો હતો. જીવન એક સંઘર્ષ છે. સંઘર્ષ તો બધા કરે છે, પણ કાત્રેજીનો સંઘર્ષ વિશેષ ઉલ્લેખનીય છે, કારણ કે પીડાદાયક સામાજિક ઘૃણાનો સામનો કરવાની સાથે તેઓ કુષ્ઠરોગીઓ માટે છેલ્લા શ્વાસ સુધી કામ કરતા રહ્યા. ચારે કોરથી મુશ્કેલીઓએ કાત્રેજીને ઘેરી લીધા હતા, પરંતુ 'મેરું તો ડગે પણ જેનાં મનડાં ડગે નહિ' એનું જ્વલંત ઉદાહરણ કાત્રેજી હતા.

કસોટીની પળે પરિસ્થિતિથી ભાગી જવાને બદલે કાત્રેજી આત્મબળે કર્મયોગીનું જીવન જીવ્યા, તેમને ધર્મ, સંસ્કૃતિ અને પરંપરામાં આત્મબળે કર્મયોગીનું જીવન જીવ્યા. તેમને ધર્મ, સંસ્કૃતિ અને પરંપરામાં અતૂટ શ્રદ્ધા હતી. આ સંસ્કાર એમને પરિવારમાંથી પ્રાપ્ત થયા હતા. સમગ્ર વૃત્તાંતમાંથી પસાર થતાં આપણી સામે કાત્રેજીનું જીવન પ્રેરણાપુંજ બની ખડુ થાય છે.

## અંધકાર સે પ્રકાશ કી ઓર - પ્રકાશિત ૨૦૧૦ - આત્મકથા

એમ.એસ. રાજગોપાલન દ્વારા મૂળ અંગ્રેજીમાં લખાયેલી આત્મકથાનો હિન્દીમાં અનુવાદ એસ.એસ. રાજપૂતે કર્યો છે. લેખક શ્રી રાજગોપાલનને કુષ્ઠરોગ થયો હતો. સમાજ દ્વારા અપશબ્દો અને નિંદા તેમણે સહન કરવા પડ્યા હતા, પણ તેમણે ધૈર્ય કદી ગુમાવ્યું નહિ. કેટલાક લોકો વીતેલા ભૂતકાળનાં દુઃખોનું પુનઃ સ્મરણ કરવા માગતા નથી. એને કાળની ઊંડી ખાઈમાં ધરબી દે છે, પરંતુ લેખકને લાગ્યું કે પોતાની પીડા અને સંઘર્ષની કહાણી વ્યાપક સમાજની સામે ધરવી જોઈએ. પરિણામે આ આત્મકથાનો જન્મ થયો. વિસ્તૃત વિવરણ એક મૂલ્યવાન માનવીય દસ્તાવેજ છે, જેમાં એક કુષ્ઠરોગીનાં આશા-અરમાન, ભય, પ્રસવ સમાન પીડાઓ, ખુશીઓ, સમાજની ભ્રાંતિઓ, અંધવિશ્વાસ વગેરેનું અસરકારક આલેખન છે. વિષય પરિસ્થિતિમાં માણસ મન પર સંયમ રાખી પુનરુત્થાનના માર્ગ પર કેવો રહી શકે છે એનું સચોટ ઉદાહરણ છે આ આત્મકથા.

એમ.એસ. રાજગોપાલને પોતાના ખંડિત જીવનનું સફળતાપૂર્વક પુનઃ નિર્માણ કર્યું. સમસ્ત અવરોધો હટાવવાનું કામ અઘરું હતું, પણ તેમણે તિતિક્ષાભાવથી એને મૂર્તરૂપ આપ્યું. સમાજમાં પોતાના અસ્તિત્વને પુનઃ સ્થાપિત કરી જીવનને નવી દિશા આપી. વિપરીત પરિસ્થિતમાં પણ લેખકે આત્મસન્માન જાળવી રાખ્યું. પોતે દયાપાત્ર છે, એવા નિરાશાજનક લઘુતાભાવને કદી મનમાં પ્રવેશવા દીધો નહિ (અનેક કુષ્ઠરોગી આવા ભયથી ગ્રસ્ત હોય છે).

પુસ્તકનું શીર્ષક વાચકને એક સત્ય તરફ સંકેત કરે છે કે માનવીએ અંધકારથી પ્રકાશ તરફ ગતિ કરવી જોઈએ.

# ગાંધીજી અને પરચૂરે શાસ્ત્રી

પ્રથમ પાને તસવીરમાં ગાંધીજી જે રોગીની સારવાર કરતાં નજરે પડે છે, તેમનાથી બહુ ઓછા લોકો પરિચિત છે. તેઓ છે દત્તાત્રેય વાસુદેવ પરચૂરે. તેઓ સંસ્કૃતના મહાવિદ્વાન અને વેદશાસ્ત્રના જ્ઞાતા હોઈ 'પરચૂરે શાસ્ત્રી' તરીકે ઓળખાતા. ગાંધીજીના વિચારોથી અને કાર્યોથી પ્રભાવિત થતાં તેમણે અસ્પૃશ્યતા-નિવારણનું રચનાત્મક કાર્ય સંભાળ્યું હતું. મહારાષ્ટ્રના ગામડાંમાં ફરતા હતા, તે દરમિયાન શાસ્ત્રીજીને કુષ્ઠરોગ લાગુ પડ્યો.

સન ૧૯૩૨માં સત્યાગ્રહ-આંદોલનના કારણે બ્રિટિશ સરકારે ગાંધીજીની ધરપકડ કરી યરવડા જેલમાં રાખ્યા હતાં. ગાંધીજી જાણતા હતા કે અન્ય સત્યાગ્રહીઓની સાથે પરચુરે શાસ્ત્રીને પણ કેદ કરવામાં આવ્યા છે. એમણે જેલ-સુપરિન્ટેન્ડન્ટને પૂછ્યું, 'શાસ્ત્રીજીને ક્યાં રાખવામાં આવ્યા છે ? અમે સાથે રહીએ તો જ્ઞાનગોષ્ઠિ કરી શકીએ.' જવાબ મળ્યો : 'કુષ્ઠરોગના કારણે એમને અલગ રાખવામાં આવ્યા છે.' બાપુને દુઃખ થયું. શાસ્ત્રીજીની ખબર કાઢવા જવાની ઈચ્છા પણ પૂરી કરવામાં ન આવી. પત્રવ્યવહારથી બંને મિત્રો સંપર્કમાં રહેતા. બાપુ શાસ્ત્રીજીને હિંમત આપતા.

સમય જતાં શાસ્ત્રીજી રોગમાં એવા ઘેરાઈ ગયા કે વિવશ થઈ એમણે બાપુને લખ્યું, 'શરીર જ સાથ આપતું નથી. તેથી હવે પ્રાણ ત્યજી દેવા સિવાય કોઈ રસ્તો રહેતો નથી. શાસ્ત્રો પણ આમ જ કહે છે ને ?' ત્યારે બાપુએ જવાબ આપ્યો, 'હું આપની સાથે સંમત થતો નથી. આપ તો વેદ-ઉપનિષદના જાણકાર છો. જ્ઞાની પુરુષ છો. રોગ દેહને થાય છે, આત્માને નહિ. આપ આત્મસ્વરૂપ છો, એ ન ભૂલો. ભલે શરીરથી નહિ, માનસિક રીતે યા અન્ય રીતે આપણે બીજાના કામમાં આવીએ, એનો જ વિચાર કરવો ઘટે. પ્રસન્ન ચિત્ત સાથે પુરુષાર્થ જારી રાખશો.'

બાપુના શબ્દોએ પરચુરે શાસ્ત્રીજીની ચેતનામાં દિવ્ય પ્રકાશ પાથર્યો. ત્યારબાદ તેઓ બાપુ પાસે સેવાગ્રામ (વર્ધા-મહારાષ્ટ્ર) આશ્રમમાં રહેવા આવ્યા. શાસ્ત્રીજી આશ્રમવાસીઓને વેદ-ઉપનિષદની વાતો કહેતા. બાપુ એટલા સેવાનિષ્ઠ હતા કે શાસ્ત્રીજીની દેખભાળમાં સમય-પાબંદી જાળવી રાખતા. એક વાર કોંગ્રેસ કારોબારીની બેઠક ચાલતી હતી. દેશની આઝાદી સંબંધી મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા વચ્ચે અચાનક બાપુ ઊભા થઈ શાસ્ત્રીની શુશ્રૂષા માટે જવા તૈયાર થયા. આ જોઈ પંડિત જવાહરલાલ નહેરુ અકળાઈને બોલી ઊઠ્યા, 'બાપુ, દેશના કરતાં ય આ લોકાની સેવાનું કામ મહત્ત્વનું છે ?' બાપુનો જવાબ હતો - 'હા જી, મારા માટે આ કામ સ્વરાજ કરતાંય ચડિયાતું છે.'

૧૯૪૨માં ગાંધીજીએ 'ભારત છોડો'નું એલાન કર્યું. કેટલાયની ધરપકડો થઈ. શાસ્ત્રીજી દત્તપુર લેપ્રસી હોમમાં ચાલ્યા ગયા. ત્રણ વર્ષ પછી એમણે ગાંધીજીને પત્ર લખ્યો,

'આપ મને આત્મહત્યા કરતો રોક્યો, મને નવું જીવન મળ્યું; પણ હવે હંસલો દેવળ છોડી ઊડી જવામાં છે. આપના દર્શન કરવાની ઈચ્છા છે.'

ગાંધીજી મહાદેવ દેસાઈ સાથે આવ્યા. બે સહૃદય સ્વજનો પરસ્પરને મળી ગદ્ગદ થયા. ગાંધીજીના ગયા પછી થોડા જ દિવસોમાં પરચૂરેજીનો હંસલો પરમ ધામમાં ઊડી ગયો.

- શાંતિલાલ ગઢિયા, વડોદરા - ૦૨૬૫-૨૭૫૦૨૭૫

# ઉન્મિલન

- **શાંતિલાલ ગઢિયા**

પ્રિય ઉષ્મા,

'અનાગત' સામયિકમાંથી તને મારું સરનામું મળ્યું અને તેં પત્ર લખ્યો. તાજુબીની વાત છે, કેટલાં વર્ષે આપણો સંપર્ક થયો! 'અનાગત' આપણી મૈત્રીને તાજી કરવામાં નિમિત્ત બન્યું. સમયની તાસીર અકળ છે, ખરે જ.

તું લખે છે, 'સંકોચપૂર્વક તને પૂછું છું કે તું અને ઉદય સૌ પ્રથમ કયાં ને કેવી રીતે મળ્યા?' અરે ગાંડી! એમાં સંકોચ શાનો ? સહેલીઓ વચ્ચે આવી ઔપચારિકતા હોતી હશે ? જો, માંડીને વાત કરું.

કૉલેજ પૂરી કર્યા પછી મને રક્તપિત્તની બિમારી લાગુ પડી. અણધારી પરિસ્થિતિ આવી પડી. હું સંભ્રમિત અવસ્થામાં મૂકાઈ ગઈ. વ્યાકુળતા ઘેરી વળી, તને યાદ હોય તો સેકન્ડ ઈયરમાં આપણા એન.એસ.એસ. કેમ્પમાં એક દિવસ રક્તપિત્ત-કાર્યકરો આવ્યા હતા. એમણે આ રોગ વિષે જે માહિતી આપી હતી તેનું મને સ્મરણ થયું. પત્રિકાઓ, પોસ્ટર્સ, સ્લાઈડ્સ વગેરે બધું જ તાદશ થયું. તારી આશકાની ભીતર આશાનું કિરણ ફેલાયું. નિષ્ણાત ચિકિત્સકને મળી. નિયમિત સારવાર લીધી અને આખરે રોગમુક્ત થઈ.

ઘરમાં લગ્નની ચર્ચા ચાલી, બિમારી જઈ ચૂકી હતી, તો પણ છોકરાવાળા આ મુદ્દે પાછા ખસે. હું પચીસી વટાવી ગઈ હતી. 'મારી કશી ફિકર કરશો નહિ. સમય જ રસ્તો કાઢશે,' એમ વડીલોને કહેતી. આખરે નવજીવનના ઉદયસમો 'ઉદય' મારો હૃદયસમ્રાટ બની ગયો.

ઉષ્મા, અમારા સૌ પ્રથમ મેળાપની સ્મૃતિ કઈ રીતે શબ્દોમાં ઉતારું? ઉદય મારે ઘેર આવ્યા હતા. એક રૂમમાં સોફા પર બેસીને અમે વાતો કરતા હતા. એમને મેં મારા જીવનની રજેરજ વાત કરી દીધેલી.

ઉષ્મા, એમના  એકએક બોલમાં ઉચ્ચ વિચારોની છબી ઊપસતી હતી. મને કહે, સંસ્કાર અને કેળવણી મોટી ચીજ છે, આશકાજી. કેટલીક ગૌણ બાબતો, જેમ કે તમારી ભૂતકાલીન બિમારી, એ બધાંનું મારે મન કોઈ મહત્ત્વ નથી. હોવું જોઈએ પણ નહિં. બસ, આટલું કહી એમણે મારો હાથ પોતાના હાથમાં લીધો. મારા રોમેરોમમાં અકથ્ય ઊર્જાની લહેર દોડી ગઈ. એ માત્ર સ્થૂળ સ્પર્શ નહોતો, મારા આંતરમનની સૂક્ષ્મ અનુભૂતિ હતી. ભાવમય અવસ્થાએ મારું મોં સીવી લીધું. હું કંઈ જ બોલી ન શકી. કેટલીક ક્ષણો એ મારી સામે જોઈ રહ્યા. ઉષ્મા, તને શી વાત કરું? ત્રણ-ત્રણ દિવસ સુધી હું મારા હાથ પણ ધોઈ શકી નહોતી. ખેર ! અહીં વિરમું છું.

લિ. તારી સહેલી,

**આશકા**

# માનસિક રુગ્ણતા મુખ્ય રોગ

આપણા સહુમાં સમાન ચૈતન્ય, અર્થાત્, આત્મા, રહેલ છે, જે અપાર શક્તિનો પુંજ છે. જેની પાસે સ્પષ્ટ દિશા છે, લક્ષ છે એ સહુ દિવ્યાંગ છે. આત્માની અપાર શક્તિ માટે અવરોધ એક અવસર છે, તક છે. સહુને સમાન તક મળતી હોય છે. બાહ્ય દેહ તો સાધન છે. એમાં એકાદ અંગ ઓછું હોય કે રોગ હોય, તેથી આત્માની શક્તિમાં ફરક પડતો નથી. દરેક આત્મામાં ભગવાન બનવાની પાત્રતા છે જ અને ભગવાન બની શકે છે.

કુષ્ઠરોગ કરતાં ય ચિંતાનો વિષય છે સમાજની માનસિક રુગ્ણતા. એને દૂર કરી આપણા સહુની અંદર રહેલ પરમશક્તિને ઓળખીએ અને દિવ્યાંગતાનો અનુભવ કરીએ. એ માટે જ આપણ સૌને માનવદેહ મળેલ છે, જેને સંતોએ 'રત્નચિંતામણિ' કહ્યો છે. આપણા ચિંતવ્યા પ્રમાણે, આપણી ઈચ્છા પ્રમાણે જે ફળ આપે એવું આ રત્ન છે. તેથી સારું ચિંતવીએ, સારું વિચારીએ.

**રમેશભાઈ દોશી,** (સાધક-નિમિત્ત માત્ર), **મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર,**
મુ. ચિંચણી, જિ. પાલઘર, મહારાષ્ટ્ર-૪૦૧૫૦૩. મો. ૭૫૦૬૭૫૦૨૫૧

---

# શુભેચ્છા સંદેશ

વિકલાંગો માટે માર્ગદર્શક અને જીવનમાં ઉત્સાહ અને ઊર્જાપૂરક 'વિકલાંગ મિત્ર' સામયિકના 'કુષ્ઠરોગ વિશેષાંક' (જાન્યુઆરી ૨૦૧૯) માટે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ.

સંપાદકશ્રી ભરતભાઈ પટેલ તથા સહસંપાદક શ્રી શાંતિલાલ ગઢિયાને અભિનંદન.

**જાદવજી કાનજી વોરા**

---

# શુભેચ્છા સંદેશ

'વિકલાંગ મિત્ર' મળે છે અને સાદ્યંત જોતો રહું છું. પત્રિકાની વિગતો, માહિતી, સમાચારયાત્રા અને લેખો વગેરે ઉપયોગી હોય છે. ખૂણે બેસીને એક નિસબત અને લગનથી કામ કરનાર કર્મશીલમાંની તીવ્રતા અને તત્પરતા આપણનેય પ્રેરણા આપે. વિશેષાંક પ્રગટ થનાર છે, તેનો આનંદ, ધન્યવાદ અને શુભેચ્છાઓ.

**રમેશ સંઘવી,**
'સ્વજન', કતીરા-ઈ, મુન્દ્રા રિલોકેશન, ભુજ-૩૭૦૦૦૧

**"કુષ્ઠરોગ મટી શકે છે."**

## અમે આભારી છીએ...

- **માન. શ્રી કુલિનકાન્ત લુઠિયા**
  માનવ જ્યોત ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ
- **માન. શ્રી કુમુદબેન આર. શાહ**
  આર. જમનાદાસ એન્ડ કંપની, અમદાવાદ
- **માન. શ્રી કિશોરભાઈ એ. શાહ 'જીવદયા'**
  શ્રી શાંતિનાથ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત
- **માન. શ્રી રમેશભાઈ પટેલ**
  કેપિટલ ઓફસેટ, ગાંધીનગર. ફોન-૦૭૯-૨૩૨૧૧૪૮૯

## પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને ''વિકલાંગ મિત્ર''ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. એક અંકના સ્પોન્સરની રકમ રૂા. ૨૦૦૦/- છે. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **"વિકલાંગ મિત્ર- Viklang Mitra"**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયા, વિજાપુર શાખાના ખાતા નંબર **448201010032029 , IFCS CODE- UBIN0544825, CUST.ID-14871011**માં જમા કરાવી આપનું નામ-સરનામું સાથે મોકલવા વિનંતી છે. **PAN CARD - AQRPP1814A**

**તંત્રીશ્રી,**

**વિકલાંગ મિત્ર**

**મુ.પો. માઢી -૩૮૨૮૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,**
**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨**
**viklangmitra@yahoo.com**

RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2021

# અમને ક્યાં ખબર હતી ?

સોનેરી શમણાં સજાવી નાવમાં બેઠા'તા અમે
મઝધારે આમ છોડી જશો, અમને ક્યાં ખબર હતી ?

પહેલાં મેળાપની યાદગાર ઘડી ભૂલી ભૂલાતી નથી
તમારી યાદદાસ્ત સાવ બટકણી હશે, અમને ક્યાં ખબર હતી ?

જીવનકિતાબનું એકેક પાન ખુલ્લું મૂકી દીધું તમારી સામે
માંડમાંડ બોલ બોલનારા તમે, અમને ક્યાં ખબર હતી ?

તમને શું ગમે, ન ગમે, ખેવના કરી નિત અમે
પસંદ અમારી નવ પૂછશો કદી, અમને ક્યાં ખબર હતી ?

સંસારનાવ ચાલે સરળ, જો હોય વિશ્વાસ એકમેક
તમારી માપપટ્ટી સર્વથી નોખી, અમને ક્યાં ખબર હતી ?

કુષ્ઠરોગની બીમારી મારી ગઈગુજરી બિના હતી
તમે એનો કેડો નહિ મૂકો, અમને ક્યાં ખબર હતી ?

- શાંતિલાલ ગઢિયા

From : તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર

Book-Post

મુ.પો. માઢી-૩૮૪૫૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,
મો. નં. ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨
viklangmitra@yahoo.com
www.viklangmitra.org

To.

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA